# પ્રવેશ, સમીક્ષા, અને બરતરફી પ્રક્રિયાના સંબંધમાં માતા-પિતા માટેની માર્ગદર્શિકા

ફેબ્રુઆરી 2021



THE LEGAL FRAMEWORK
for the Child-Centered Special Education Process

Link to The Legal Framework

TEA
Texas Education Agency

Link to TEA Special Education

**કૉપીરાઇટ © 2021. ટેક્સાસ એજ્યુકેશન એજન્સી. બધા અધિકારો આરક્ષિત.**

## અનુક્રમણિકા


પ્રસ્તાવના ........ 1
બાળપણના શરૂઆતના વર્ષોમાં હસ્તક્ષેપ ........ 3
હેલ્પ ફોર ધી સ્કૂલ એજેડ ચાઇલ્ડ (શાળાકીય ઉંમરના બાળક માટે મદદ) ........ 3
હસ્તક્ષેપને પ્રતિભાવ ........ 3
પ્રારંભિક મૂલ્યાંકન માટેની ભલામણ ........ 4
અગાઉથી લેખિત નોટિસ ........ 4
માતા-પિતાની સંમતિ ........ 5
પ્રારંભિક મૂલ્યાંકન ........ 5
પ્રવેશ, સમીક્ષા, અને બરતરફી સમિતિની બેઠકો ........ 6
પાત્રતા ........ 7
વ્યક્તિલક્ષી શૈક્ષણિક કાર્યક્રમ ........ 8
શૈક્ષણિક ઉપલબ્ધિ અને કાર્યાત્મક કામગીરીના હાલના સ્તરો ........ 9
વાર્ષિક લક્ષ્યો ........ 9
ખાસ શિક્ષણ, સંબંધિત સેવાઓ, અને પૂરક મદદ અને સેવાઓ ........ 9
રાજ્યના (સરકારી) મૂલ્યાંકનો ........ 10
સંક્રાંતિ ........ 10
પુખ્ત ઉંમરના વિદ્યાર્થીઓ ........ 11
ઓટિઝમથી પીડાતા બાળકો ........ 12
બધિર કે સાંભળવાની સમસ્યાથી પીડાતા બાળકો ........ 12
અંધાપો અથવા દૃષ્ટિની ખામી ધરાવતા બાળકો ........ 12
વર્તણૂકલક્ષી હસ્તક્ષેપ યોજનાઓ (BIP) ........ 13
લંબાવેલ શાળા વર્ષની સેવાઓ ........ 13
નિયુક્તિ ........ 13
ARD સમિતિનો નિર્ણય ........ 13
IEP ની નકલ ........ 14
IEP (વ્યક્તિલક્ષી શૈક્ષણિક કાર્યક્રમ)ની સમીક્ષા ........ 14
પુનઃમૂલ્યાંકન ........ 15
સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન (IEE) ........ 15
સેવાઓ માટેની સંમતિ પાછી ખેંચવી ........ 16
ગ્રેજ્યુએશન ........ 16
શિસ્તપાલન ........ 17
ટૂંકા-ગાળા માટે કાઢી મૂકવો ........ 17
સંચિત રુખસદ (કાઢી મૂકવાની બાબત) જેનો સરવાળો 10 કે વધારે દિવસનો થાય ........ 17
નિયુક્તિમાં ફેરફાર ........ 17
અભિવ્યક્તિ નિર્ધારણ ........ 18
વર્તણૂક અભિવ્યક્તિ બને ત્યારે ........ 18
જ્યારે વર્તણૂક અભિવ્યક્ત ના હોય ........ 18
ખાસ સંજોગો ........ 19
હજુ સુધી પાત્ર નિર્ધારિત ના થયા હોય તેવા બાળકો માટે સંરક્ષણ ........ 19
બાકી પ્રક્રિયાની જલદી સુનાવણી ........ 19
વિવાદ ઉકેલ ........ 19
વધારાની સહાયતા ........ 19

## પ્રસ્તાવના

આ માર્ગદર્શિકા ટેક્સાસ એજ્યુકેશન કોડ (**TEC**) § 26.0081 માં વર્ણવેલી જરૂરિયાતોને પ્રતિભાવ આપવા સ્ટેટવાઇડ લીડરશિપ દ્વારા લીગલ ફ્રેમવર્ક પ્રોજેક્ટ ટીમ અને ટેક્સાસ એજ્યુકેશન એજન્સી (**TEA**) માટે વિકસાવવામાં આવી હતી. આ માર્ગદર્શિકા ખાસ શૈક્ષણિક અને સંબંધિત સેવાઓ મેળવવાને પાત્ર હોય અથવા હોઇ શકે તેવા બાળકના માતા-પિતા તરીકે, તમને ખાસ શૈક્ષણિક પ્રક્રિયા અને કાર્યપદ્ધતિ સંબંધિત તમારા અધિકારો અને જવાબદારીઓની વધારે સારી સમજ આપવા રચવામાં આવી છે જેથી કરીને તમે તમારા બાળકના શિક્ષણ સંબંધમાં નિર્ણય લેવાની પ્રક્રિયામાં પૂરેપૂરા સહભાગી થઇ શકશો.

વર્ષ 2004 નો ઇન્ડિવિજ્યુઅલ્સ વિથ ડિસેબિલિટીસ એજ્યુકેશન એક્ટ (**IDEA**) એક સંઘીય કાયદો છે જે ખાસ શિક્ષણ પ્રક્રિયા પર શાસન કરે છે. IDEA નાં હેતુઓ પૈકી એક મુખ્ય હેતુ એ ખાતરી કરવાનો છે કે અક્ષમતા ધરાવતા બાળકો પાસે એક મફત યોગ્ય જાહેર શિક્ષણ (ફ્રી એપ્રોપ્રિએટ પબ્લિક એજ્યુકેશન - **FAPE**) ઉપલબ્ધ હોય જે તેઓની અજોડ જરૂરિયાતોને પહોંચી વળવા રચેલી ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પર ભાર મૂકે અને તેઓને વધુ શિક્ષણ, રોજગાર, અને સ્વતંત્ર જીવન માટે તૈયાર કરે. *ખાસ શિક્ષણ*નો અર્થ અક્ષમતા ધરાવતા બાળકની અજોડ જરૂરિયાતોને પહોંચી વળવા ખાસ કરીને રચેલા શિક્ષણનો થાય છે. *સંબંધિત સેવાઓ* એ ખાસ સેવાઓ છે જેની જરૂર વિદ્યાર્થીઓની ખાસ શૈક્ષણિક સહાયતા કરવા માટે પડે છે જેથી તેઓ પોતાના શૈક્ષણિક અને કાર્યાત્મક લક્ષ્યોને પહોંચી વળવા પ્રગતિ કરી શકે છે. સંબંધિત સેવાઓમાં વ્યવસાયલક્ષી ઉપચારપદ્ધતિ, શારીરિક ઉપચારપદ્ધતિ, બોલી-ભાષા ઉપચારપદ્ધતિ, સલાહ-મસલત સેવાઓ, અભિગમ અને ચલાયમાનતા સેવાઓ, અને/અથવા પરિવહન સેવાઓ જેવી સેવાઓનો સમાવેશ થઇ શકે છે.

IDEA હેઠળ, માતા-પિતાઓને ખાસ શૈક્ષણિક પ્રક્રિયાના દરેક તબક્કે વિશાળ સ્તરની સહભાગિતા આપવામાં આવે છે. આ માર્ગદર્શિકા તે પ્રક્રિયા દરમિયાન થઇ શકતી વિવિધ પ્રવૃત્તિઓનું વર્ણન કરે છે. તમને IDEA હેઠળ તમારા કાયદેસર અધિકારો વધુમાં સમજવામાં મદદરૂપ થવા, આ સ્કૂલ માટે ખાસ શૈક્ષણિક પ્રક્રિયામાં ચોક્કસ સમયે *નોટિસ ઓફ પ્રોસીજરલ સેફગાર્ડ્સ* (કાર્યપદ્ધતિલક્ષી અગમચેતી જણાવતી સૂચના) નામના દસ્તાવેજની નકલ તમને આપવાની જરૂર પડે છે. આ દસ્તાવેજ વર્ષમાં ઓછામાં ઓછો એક વખત અને નીચેમાંથી કોઇપણ સંજોગ ઊભો થાય ત્યારે તમને અચૂક આપવો રહ્યો:

- તમારા બાળકના પ્રારંભિક મૂલ્યાંકન માટે ભલામણ અથવા તમારી વિનંતી મળે ત્યારે;
- એક શાળાકીય વર્ષમાં પહેલી શાસન ફરિયાદ મળે ત્યારે;
- એક શાળાકીય વર્ષમાં બાકી પ્રક્રિયા સુનાવણી માટે પહેલી વિનંતી મળે ત્યારે;
- નિયુક્તિનો શિસ્તપાલન સંબંધિત ફેરફાર કરવા નિર્ણય લેવામાં આવે તે દિવસે; અને
- તમારી વિનંતી મળે ત્યારે.

ટેક્સાસમાં, એક બાળકની ખાસ શૈક્ષણિક અને સંબંધિત સેવાઓ માટેની પાત્રતા અને બાળકના ખાસ શૈક્ષણિક કાર્યક્રમને લગતા મોટા ભાગના મોટા નિર્ણયો પ્રવેશ, સમીક્ષા અને બરતરફી (એડમિશન, રીવ્યૂ અને ડિસમિસલ - **ARD**) સમિતિ દ્વારા કરવામાં આવે છે. તમને આ ઇન્ડિવિજ્યુઅલાઇઝ્ડ એજ્યુકેશન પ્રોગ્રામ (**IEP**) ટીમ નામના સમૂહ વિશે સાંભળવામાં આવે તેવું બની શકે, તે સંઘીય કાયદામાં વપરાતી પરિભાષા છે. જો તમારા બાળક માટે એક ARD સમિતિ રચવામાં આવે તો, તમે તે સમિતિના સભ્ય બનશો.

સંઘીય અને રાજ્યની ખાસ શૈક્ષણિક જરૂરિયાતોમાં ફેરફારો થાય એટલે આ માર્ગદર્શિકા સમયાંતરે અદ્યતન કરવામાં આવશે. એક છાપી શકાય તેવી ઇલેક્ટ્રોનિક આવૃત્તિ વેબસાઇટ fw.escapps.net પર બાળક-કેન્દ્રિત ખાસ શિક્ષણ પ્રક્રિયા માટે કાનૂની માળખામાં રીજીયન 18 એજ્યુકેશન સર્વિસ સેન્ટરના વેબપેજ પર જોઇ શકાય છે.

ખાસ શૈક્ષણિક પ્રક્રિયામાં ઘણી તારીખો અને સમયસીમાઓ હોય છે. આ પ્રકાશનમાં, તે મહત્વની તારીખો અને સમયસીમાઓનું વર્ણન કરેલું છે. વધુમાં, તમને મૂલ્યાંકન, અગાઉથી લેખિત નોટિસ, સંક્રાંતિ, અને IEP સમીક્ષાઓ અને અન્ય મહત્વના ખ્યાલ માટેની સમયરેખાઓને લગતા તમારા પ્રશ્નોના જવાબમાં મદદ માટે એક ઓનલાઇન સાથી દસ્તાવેજ ઉપલબ્ધ છે. *ટાઇમલાઇન ડિસિઝન ટ્રી* (સમયરેખા નિર્ણય વૃક્ષ) વેબસાઇટ પર ઉપલબ્ધ છે, http://fw.escapps.net/display/Webforms/ESC18-FW-Documents.aspx?DT=G&LID=en.

# પ્રવેશ, સમીક્ષા અને બરતરફી પ્રક્રિયા સંબંધમાં માતા-પિતા માટેની માર્ગદર્શિકા

## બાળપણના શરૂઆતના વર્ષોમાં હસ્તક્ષેપ

વિકસવામાં વિલંબિત બાળકો અને શિશુઓવાળા કુટુંબો માટે મદદ ઉપલબ્ધ છે. આ શરૂઆતના વર્ષોમાં હસ્તક્ષેપ સેવાઓ પૂરી પાડતી ટેક્સાસની એજન્સી છે ટેક્સાસ હેલ્થ એન્ડ સર્વિસીસ. બહુ નાના બાળકો માટેના કાર્યક્રમને અર્લી ચાઇલ્ડહૂડ ઇન્ટરવેન્શન (**ECI**) કહેવામાં આવે છે. આ સેવાઓ ત્રણ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે છે.

ત્રણ વર્ષની ઉંમરે, અક્ષમતા ધરાવતા બાળકો વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ મેળવવાને પાત્ર બની શકે. જો તેમ હોય, તો બાળકના ત્રીજા જન્મદિવસ સુધીમાં બાળકને FAPE ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે તે સુનિશ્ચિત કરવા માટે બાળકનું સ્કૂલ ડિસ્ટ્રિક્ટ જવાબદાર છે. ECI સેવાઓ મેળવતા તમામ નહિ પણ કેટલાક બાળકો પબ્લિક સ્કૂલ દ્વારા પૂરી પડાતી સેવાઓ મેળવવાને લાયક બને છે. તેથી, ECI સેવાઓ મેળવનાર શિશુ ત્રણ વર્ષની ઉંમરનું થાય તેના ઓછામાં ઓછાં 90 કેલેન્ડર દિવસો પહેલાં, કુટુંબને ECI સેવાઓમાંથી ખાસ શૈક્ષણિક અને સંબધિત સેવાઓમાં સંક્રમણ કરવામાં મદદ કરવા એક બેઠક નિર્ધારિત કરવામાં આવશે, જો આ કરવું યોગ્ય હોય. જો બાળક લાયક બને તો, ખાસ શૈક્ષણિક અને સંબંધિત સેવાઓ બાળકની ત્રીજી વર્ષગાંઠ પર અચૂક ઉપલબ્ધ કરવી રહી. *Beyond ECI* (બીયોન્ડ ઇસીઆઇ) એક પ્રકાશન છે જેમાં બાળપણના શરૂઆતના વર્ષના કાર્યક્રમમાંથી ખાસ શિક્ષણ સુધીના સંક્રમણને લગતી માહિતી સમાવેલી છે. આ પ્રકાશન વેબસાઇટ પર જોઇ શકાય છે, https://www.navigatelifetexas.org/uploads/ files/general-files/Beyond-ECI-ECI-17_1117.pdf.

## હેલ્પ ફોર ધી સ્કૂલ એજેડ ચાઇલ્ડ (શાળાકીય ઉંમરના બાળક માટે મદદ)

જો તમને તમારા શાળાએ જતા ઉંમરના બાળકના શિક્ષણ કે વર્તણૂકને લગતી ચિંતાઓ હોય તો, પહેલું પગલું તમારી ચિંતાઓ વિશે તમારા બાળકના શિક્ષક કે શાળાના આચાર્ય સાથે વાત કરવાનું છે. જો આ પગલું અસફળ રહે તો, તમારે શાળા કર્મચારીઓને કેમ્પસ-સ્થિત વિદ્યાર્થી સહાયતા ટુકડીને ભલામણ કરવા કહેવું જોઇએ, તે ટુકડી શિક્ષકો અને અન્ય કર્મચારીઓની બનેલી છે જે બાળકોની કોઇ શિક્ષણ કે વર્તણૂક સંબંધિત ચિંતાઓને સંબોધવા નિયમિતપણે મળતી હોય છે.

જે વિદ્યાર્થીઓ સામાન્ય વર્ગખંડમાં સંઘર્ષ કરી રહ્યા છે તેઓને પ્રથમ સહાયક સેવાઓ માટે વિચારણા હેઠળ લઈ શકાયા હોત અથવા આધાર સેવાઓ મેળવવાને બદલે IDEA હેઠળ વિશેષ શિક્ષણ મૂલ્યાંકન માટે સંદર્ભિત કરી શકાયા હોત.. જો વિદ્યાર્થીને સામાન્ય વર્ગખંડમાં આધાર સેવાઓની જોગવાઈથી સમસ્યા હોવાની ચાલુ રહે અથવા માત્ર આધાર સેવાઓની જોગવાઇ મારફત વિદ્યાર્થીની જરૂરિયાત સંબોધી શકાતી ન હોય, તો શાળાએ બાળકને IDEA હેઠળ પૂર્ણ વ્યક્તિગત અને પ્રારંભિક મૂલ્યાંકન માટે સંદર્ભિત કરવું જરૂરી છે. પૂર્ણ વ્યક્તિગત અને પ્રારંભિક મૂલ્યાંકન માટે સંદર્ભ કરવામાં આવે તે પૂર્વે વિદ્યાર્થીને ચોક્કસ સમય માટે આધાર સેવાઓ પૂરી પાડવાની જરૂર નથી. શાળા કર્મચારી, વિદ્યાર્થીના માતાપિતા, અથવા કાયદેસરના વાલી, અથવા વિદ્યાર્થીના શિક્ષણ અથવા સંભાળમાં સામેલ અન્ય વ્યક્તિ દ્વારા કોઇપણ સમયે પૂર્ણ વ્યક્તિગત અને પ્રારંભિક મૂલ્યાંકન માટેનો સંદર્ભ કરી શકાય છે. એ નોંધ લેશો કે જો શાળા કર્મચારીને શંકા જાય કે બાળક વિકલાંગતા ધરાવે છે અને વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓની જરૂર ધરાવે છે, તો પૂર્ણ વ્યક્તિગત અને પ્રારંભિક મૂલ્યાંકન માટેનો સંદર્ભ કરવો જરૂરી બને છે.

## હસ્તક્ષેપને પ્રતિભાવ

સંઘીય કાયદો સમસ્યાઓને શરૂઆતમાં સંબોધીને તમામ બાળકોને મદદરૂપ થવા સ્કૂલોને નિર્દેશ આપે છે. હસ્તક્ષેપને પ્રતિભાવ (રિસ્પોન્સ ટૂ ઇન્ટરવેન્શન - **RtI**) એક અભિગમ છે જેનો ઉપયોગ ઘણી શાળાઓ ગ્રેડ-સ્તરના ધોરણોને ન પહોંચી વળવા જોખમમાં રહેલા બાળકો ઓળખીને તેઓને મદદરૂપ થવા કરે છે. RtI અભિગમના મૂળભૂત તત્વો છે: સામાન્ય શિક્ષણ વર્ગમાં વૈજ્ઞાનિક, સંશોધન-આધારિત શિક્ષણ અને હસ્તક્ષેપોની જોગવાઇ; હસ્તક્ષેપોના પ્રતિભાવમાં બાળકની પ્રગતિ માપવી અને તેની દેખરેખ રાખવી; અને પ્રગતિના આ પગલાઓનો ઉપયોગ શૈક્ષણિક નિર્ણયો લેવા કરવો.

RtI અભિગમ એ મલ્ટિ-ટાયર્ડ સિસ્ટમ ઓફ સપોર્ટ (MTSS) નો ભાગ છે જેમાં દરેક સ્તર અથવા ટાયર સેવાઓના વધતા જતા હસ્તક્ષેપના તીવ્ર સ્તરનું પ્રતિનિધિત્વ કરે છે. બાળકોને કરેલા હસ્તક્ષેપોને પ્રગતિ દેખરેખ આધારિત સતતપણે અનુકૂળ કરવામાં આવશે જ્યાં સુધી બાળક પૂરતી પ્રગતિ કરતું રહે. સંશોધનની ભલામણ પ્રમાણે, વ્યાજબી સમયગાળામાં શરૂઆતના હસ્તક્ષેપોને પ્રતિભાવ ના આપતા બાળકોને વધારે સઘન હસ્તક્ષેપો માટે ભલામણ કરવામાં આવે છે. ઘણીવાર, છ અઠવાડિયાના હસ્તક્ષેપ પછી આગામી પગલાઓ પર નિર્ણય લેવા માટે તમારી શાળા પૂરતી વિગતો ધરાવશે (ઉદાહરણ

તરીકે, સતત હસ્તક્ષેપ, સઘન હસ્તક્ષેપ, મૂલ્યાંકન માટે સંદર્ભિત કરે છે). નિર્ણય લેવા માટેની સમયરેખા હસ્તક્ષેપોના આવર્તન/સમયાવધિ અને લક્ષિત કુશળતાઓ પર નિર્ભર કરે છે.

ખાસ શિક્ષણની ભલામણ કરવામાં આવે તે પહેલાં બાળકે RtI સિસ્ટમના દરેક સ્તરમાંથી આગળ વધવાની જરૂર નથી. એક વખતે એ જણાય કે સામાન્ય શૈક્ષણિક હસ્તક્ષેપો પૂરતા નથી ત્યારે, શાળા કર્મચારીઓએ શંકા કરવી જોઇએ કે બાળક અક્ષમતા ધરાવે છે અને સંદર્ભનો પ્રારંભ કરવો જરૂરી છે. શું સામાન્ય શિક્ષણ હસ્તક્ષેપો પૂરતાં છે તે નક્કી કરવા માટેના અગત્યની વિચારણાઓમાં હસ્તક્ષેપના ઇતિહાસની સમીક્ષા અને વિદ્યાર્થીની પ્રગતિની દેખરેખ રાખતી વિગતો (પ્રગતિનો હાલનો દર અને સિદ્ધિ તફાવતોને બંધ કરવા પ્રત્યેની ચળવળ) નો સમાવેશ થાય છે. માતા-પિતાઓ શું RtI સિસ્ટમ મારફતે બાળકને હસ્તક્ષેપો મળી રહ્યા છે કે કેમ તેને ધ્યાનમાં લીધા વગર કોઇપણ સમયે ભલામણની વિનંતી પણ કરી શકે છે. IDEA હેઠળ વિકલાંગતા હોવાની શક્યતા ધરાવતા બાળકના સમયસરના મૂલ્યાંકનને વિલંબિત કરવા અથવા ના પાડવા માટે RtI વ્યૂહરચનાઓનો ઉપયોગ કરવામાં ન આવે તેમ બની શકે છે.

RtI પ્રક્રિયાને લગતી વધુ માહિતી આ વેબસાઇટ પર જોઇ શકાય

https://tea.texas.gov/Academics/Special_Student_Populations/Special_Education_SPED/Programs_and_Services/Response_to_Intervention.

## પ્રારંભિક મૂલ્યાંકન માટેની ભલામણ

શાળાને જ્યારે પણ શંકા જાય કે તમારૂં બાળક વિકલાંગતા ધરાવે છે અને IDEA હેઠળ તેને વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓની જરૂર છે ત્યારે વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે પ્રારંભિક મૂલ્યાંકન હાથ ધરવા અને આપની સંમતિ મેળવવાની હકારાત્મક ફરજ છે. તમે પણ કોઇપણ સમયે તમારા બાળકના પ્રારંભિક મૂલ્યાંકન માટે વિનંતી કરો તેમ બની શકે છે.

જો તમે સ્થાનિક શૈક્ષણિક સંસ્થાના (**LEA's**) ડિરેક્ટરને ખાસ શૈક્ષણિક સેવાઓની અથવા ખાસ શૈક્ષણિક લાયકાત માટે પ્રારંભિક મૂલ્યાંકન માટે ડિસ્ટ્રિક્ટ વહીવટી કર્મચારીને લેખિત વિનંતી કરો છો, તો શાળાએ વિનંતી મળ્યાની તારીખ પછી મોડામાં મોડા 15 શાળાકીય દિવસમાં, તમને અચૂક આ આપવું જોઇએ: 1) મૂલ્યાંકન કરવા પોતાની દરખાસ્તની લેખિત નોટિસ, *નોટિસ ઓફ પ્રોસીજરલ સેફગાર્ડ્સ* (કાર્યપદ્ધતિલક્ષી અગમચેતી જણાવતી સૂચના)ની નકલ, અને મૂલ્યાંકન માટે લેખિત સંમતિ આપવાની તક; અથવા તમારા બાળકનું મૂલ્યાંકન કરવાનું નકારતી અગાઉથી લેખિત નોટિસ અને *નોટિસ ઓફ પ્રોસીજરલ સેફગાર્ડ્સ*ની નકલ.

કૃપા કરી નોંધી લેશો કે ખાસ શૈક્ષણિક મૂલ્યાંકન માટેની વિનંતી મૌખિક કરી શકાય છે અને લેખિતમાં હોવી જરૂરી નથી. ડિસ્ટ્રિક્ટ્સ અને ચાર્ટર સ્કૂલોએ તમામ સંઘીય નોટિસ જરૂરિયાતો અને અક્ષમતા અને ખાસ શિક્ષણની જરૂરિયાત ધરાવતા બાળક બનવાની શંકા હોય તેવા બાળકો ઓળખી કાઢવા, શોધી કાઢવા અને મૂલ્યાંકન કરવા માટેની જરૂરિયાતો સાથે અચૂક સુસંગત હજુ પણ રહેવું રહ્યું. મૌખિક વિનંતીઓને પ્રતિભાવ આપવા માટે કોઇ ચોક્કસ સમયરેખા જરૂરિયાત નથી, પરંતુ શાળાઓને ઉપર વર્ણવેલ સમાન 15-શાળા-દિવસ સમયરેખાને અનુસરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

## અગાઉથી લેખિત નોટિસ

IDEA હેઠળ તમારા અધિકારોમાંનો એક અધિકાર શાળા સમક્ષ તમારા બાળકને લગતી ચોક્કસ ક્રિયાઓ અથવા નિષ્ક્રિયતાઓ વિશે શાળા ખરેખર પગલા છે અથવા પગલું લેવાની ના પાડે તે પહેલાં વાજબી સમય પહેલાં પૂર્વ લેખિત નોટિસ પ્રાપ્ત કરવાનો છે. ખાસ કરીને, શાળાએ તમારી માતૃભાષામાં કે અન્ય સંદેશાવ્યવહારની પદ્ધતિથી તમને અગાઉથી લેખિત નોટિસ અચૂક આપવી રહી જ્યારે શાળા:

- તમારા બાળકનો શૈક્ષણિક કાર્યક્રમ કે શૈક્ષણિક નિયુક્તિ અથવા તમારા બાળકને FAPE ની જોગવાઇની ઓળખ, મૂલ્યાંકન શરૂ કરવાની કે તેમાં ફેરફાર કરવાની દરખાસ્ત કરે (ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓની જોગવાઇ ચાલુ રાખવા માટેની સંમતિ તમે પાછી ખેંચી લીધી હોવાથી થયેલો ફેરફાર સહિત); અથવા
- તમારા બાળકનો શૈક્ષણિક કાર્યક્રમ કે શૈક્ષણિક નિયુક્તિ અથવા તમારા બાળકને FAPE ની જોગવાઇની ઓળખ, મૂલ્યાંકન શરૂ કરવાનું કે તેમાં ફેરફાર કરવાનું નકારી કાઢે.

અગાઉથી લેખિત નોટિસ શાળાએ દરખાસ્ત કરેલી કે નકારેલી કાર્યવાહીઓ કરવાના ઓછામાં ઓછાં પાંચ શાળાકીય દિવસ અગાઉ અચૂક આપવી રહી, સિવાય કે તમે વધારે ટૂંકા સમયગાળા માટે સંમત થાવ. શાળાએ તમને પૂર્વ લેખિત નોટિસ અચૂક આપવી રહી પછી ભલે તમે ફેરફાર સાથે સંમત થયા હો કે નહિ અથવા ફેરફારની વિનંતી કરી હોય કે નહીં.

પૂર્વ લેખિત નોટિસમાં નીચેની માહિતીનો સમાવેશ થવો જરૂરી છે.

(1) શાળા દ્વારા સૂચિત અથવા અસ્વીકૃત પગલાનું વિવરણ;

(2) શાળા શા માટે પગલાને સૂચિત અથવા અસ્વીકૃત કરે છે તેની સ્પષ્ટતા;

(3) દરેક મૂલ્યાંકન કાર્યપદ્ધતિ, આકારણી, નોંધ, અથવા સૂચિત અથવા અસ્વીકૃત પગલા માટેના આધાર તરીકે શાળાએ ઉપયોગ કરેલ અહેવાલનું વિવરણ;

(4) નિવેદન કે વિકલાંગતા ધરાવતા બાળકના માતાપિતા આ ભાગની પ્રક્રિયાત્મક સલામતીઓ હેઠળ સંરક્ષણ ધરાવે છે અને, જો આ નોટિસ મૂલ્યાંકન માટેનો પ્રારંભિક સંદર્ભ ન હોય, તો એ માધ્યમો જેના દ્વારા પ્રક્રિયાત્મક સલામતીઓ મેળવી શકાય છે તેના વિવરણની એક નકલ;

(5) વિશેષ શિક્ષણ જરૂરિયાતોને સમજવામાં સહાય મેળવવા માટે માતાપિતાનો સંપર્ક કરવા માટેના સ્રોત;

(6) ARD સમિતિએ ધ્યાનમાં લીધાં હોય તેવા અન્ય વિકલ્પોનું વિવરણ અને તે વિકલ્પોને શા માટે અસ્વીકાર કરવામાં આવ્યો તે અંગેના કારણો; અને

(7) શાળાના પ્રસ્તાવ અથવા અસ્વીકારથી સુસંગત હોય તેવા અન્ય પરિબળોનું વિવરણ.

## માતા-પિતાની સંમતિ

ખાસ શિક્ષણ પ્રક્રિયામાં ચોક્કસ પ્રવૃત્તિઓ હોય છે જે શાળા તમારી સંમતિ મેળવ્યા વગર કરી શકતી નથી. શાળાએ દરખાસ્ત કરેલી પ્રવૃત્તિના વર્ણન સહિત, તમામ માહિતીથી તમને સંપૂર્ણપણે માહિતગાર અચૂક કરવાનું રહેશે જેથી તમે સારો નિર્ણય લઇ શકો.

માહિતી અચૂકપણે તમારી માતૃભાષામાં અથવા અન્ય સંદેશાવ્યવહારની પદ્ધતિમાં અચૂક હોવી રહી, જ્યાં સુધી સ્પષ્ટપણે આ રીતે માહિતી પ્રદાન કરવી શક્ય નથી. જો કોઇ રૅકોર્ડ્સ જાહેર કરવાના હોય તો, સ્કૂલે રૅકોર્ડ્સની યાદી અચૂક બનાવવી અને જણાવવું રહ્યું કે તે કોને આપવામાં આવશે.

તમે સંમતિ આપો ત્યારે, તેનો અર્થ એ થાય કે તમારી સંમતિ માગવામાં આવી હોય તે પ્રવૃત્તિ શાળાને કરવા દેવાનું તમે સમજો છો અને લેખિતમાં તમારી સંમતિ આપો છો. એ મહત્વનું છે કે તમે સમજો કે સંમતિ સ્વૈચ્છિક છે અને પ્રવૃત્તિ શરૂ થતા પહેલાં કોઇપણ સમયે સંમતિ પાછી ખેંચવામાં આવી શકે. જોકે, જો તમે એક પ્રવૃત્તિ માટેની સંમતિ પાછી ખેંચો તો, તે ભૂતકાળની સ્થિતિને લાગુ પડતી નથી.

તમારી સંમતિની જરૂર પડે તેવી પ્રવૃત્તિઓના ઉદાહરણો નીચે આપ્યા છે:

- તમારા બાળકનું પહેલી વખત મૂલ્યાંકન કરવું;
- દર ત્રણ વર્ષે તમારા બાળકનું પુનઃમૂલ્યાંકન અથવા વધુ વારંવાર પુનઃમૂલ્યાંકન કરવું જો વધારે માહિતીની જરૂર હોય, અને તમે અથવા તમારા બાળકના શિક્ષક પુનઃમૂલ્યાંકનની વિનંતી કરે;
- ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પહેલી વખત પૂરી પાડવી;
- ARD સમિતિની બેઠકમાં હાજર રહેવા દેવા ARD સમિતિ સભ્યને માફ કરવો જ્યારે બેઠકમાં અભ્યાસક્રમ અથવા સંબંધિત સેવાઓના સભ્યના વિસ્તારની ચર્ચા અથવા તેમાં સુધારો; અને
- કોઇ સહભાગી એજન્સીના પ્રતિનિધિને નિમંત્રિત કરવો જે ગૌણ સંક્રાંતિ સેવાઓ પૂરી પાડવા કે તેની ચૂકવણી કરવા માટે જવાબદાર બને તેવી શક્યતા હોય.

## મૂલ્યાંકન કાર્યપદ્ધતિઓ

જો તમે એક સંપૂર્ણ અને વ્યક્તિગત મૂલ્યાંકન (FIE) માટે તમારી સંમતિ આપો છો, તો શાળા જે પણ કોઇ મૂલ્યાંકન કાર્યપદ્ધતિઓ હાથ ધરે તેની પૂર્વ લિખિત નોટિસ, તેમજ જો તમારૂં બાળકનું પ્રથમ વખત મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું હોય, તો પ્રક્રિયાત્મક સલામતિ નોટિસની નકલ શાળાએ પૂરી પાડવી જરૂરી છે. તમે પ્રદાન કરો છો તે માહિતી સહિત, તમારા બાળક વિશે સંબંધિત કાર્યાત્મક, વિકાસલક્ષી અને શૈક્ષણિક માહિતીને એકત્રિત કરવા માટે શાળાએ વિવિધ આકારણી સાધનો અને વ્યૂહરચનાઓનો ઉપયોગ કરવો જરૂરી છે. તમારૂં બાળક એક અપંગતા ધરાવતું બાળક છે કે કેમ તે નિર્ધારિત કરવા અને તમારા બાળક માટે યોગ્ય શૈક્ષણિક કાર્યક્રમ નક્કી કરવા માટે તે એકમાત્ર માપદંડ તરીકે તમારા બાળકની શાળા કોઈપણ પગલાઓ અથવા આકારણીનો ઉપયોગ કરી શકશે નહીં. તમારા બાળકને અપંગતા છે કે કેમ તે નક્કી કરવા માટે અને તેની કે તેણીની શૈક્ષણિક આવશ્યકતાઓ નક્કી કરવા માટે શંકાસ્પદ અપંગતા સંબંધિત તમામ ક્ષેત્રોમાં તમારી શાળાએ તમારા બાળકનું મૂલ્યાંકન કરવું જરૂરી છે. તમારા બાળક માટેની મૂલ્યાંકન પ્રક્રિયામાં અચૂક:

- સામેલ હોવી જોઇએ એવી માહિતી જે તમારા બાળકની શૈક્ષણિક, વિકાસલક્ષી અને કાર્યાત્મક કામગીરી દર્શાવે;
- પરીક્ષણ નિર્માતાની સૂચનાઓ અનુસાર એ ઉદ્દેશો કે જેના માટે આકારણીઓ માન્ય અને વિશ્વસનીય છે તેના માટે અને પ્રક્રિયા તાલીમબદ્ધ અને વિદ્વાન કર્મચારીઓ દ્વારા સંચાલિત કરવામાં આવે;
- પ્રક્રિયા તમારા બાળકની માતૃભાષામાં અથવા અન્ય સંદેશાવ્યવહાર પદ્ધતિથી કરવામાં આવે જ્યાં સુધી તેમ કરવા માટે સ્પષ્ટપણે શક્ય નથી; અને
- પ્રક્રિયા તટસ્થ હોય, અથવા એવી રીતે કરવામાં આવે કે જેથી તમારા બાળક સામે ભેદભાવ ના દેખાડે, બાળકની સાંસ્કૃતિક પશ્ચાદભૂ, વંશ, કે અશક્તતાને ધ્યાનમાં લીધા વગર.

પ્રારંભિક મૂલ્યાંકન અને પરિણમતો અહેવાલ શાળાને તમારી લેખિત સંમતિ તે તારીખથી અનુસરીને 45 શાળા દિવસો પછી નહિં તે રીતે  અચૂક ભરવો રહ્યો. જો તમારું બાળક મૂલ્યાંકન સમયગાળા દરમિયાન ત્રણ કે વધારે શાળા દિવસો માટે શાળામાં ગેરહાજર રહ્યું હોય, તો મૂલ્યાંકન સમયગાળો તમારું બાળક ગેરહાજર રહ્યું હોય તે શાળા દિવસોની સંખ્યા બરાબર શાળા દિવસોની સંખ્યાથી અચૂક લંબાવવો રહ્યો. શાળાએ મૂલ્યાંકન અહેવાલની નકલ તમને કોઇ ખર્ચ વગર અચૂક આપવી રહી.

જો તમારા બાળકની ઉંમર શાળા વર્ષના સપ્ટેમ્બર 1 સુધીમાં પાંચ વર્ષથી ઓછી હોય અને સાર્વજનિક શાળામાં પ્રવેશ ના મેળવ્યો હોય, અથવા ઉંમરને ધ્યાનમાં લીધા વગર ખાનગી કે ગૃહ શાળામાં પ્રવેશ લીધો હોય, તો શાળાને તમારી લેખિત સંમતિ મળ્યાની તારીખથી 45મા શાળા દિવસથી મોડું નહિં તે રીતે પ્રારંભિક મૂલ્યાંકન અને પરિણમતો અહેવાલ અચૂક ભરવો રહ્યો.

તેમાં 45-શાળા-દિવસની સમયરેખામાં અપવાદ એ છે. જો શાળાને પ્રારંભિક મૂલ્યાંકન માટે તમારી સંમતિ શાળા વર્ષના છેલ્લાં શૈક્ષણિક દિવસના ઓછામાં ઓછાં 35 પરંતુ 45 થી પણ ઓછાં શાળા દિવસમાં મળે, તમને આપેલો લેખિત મૂલ્યાંકન અહેવાલ તે વર્ષની જૂન 30 સુધીમાં અચૂક ભરવો રહ્યો. જોકે, જો તમારું બાળક મૂલ્યાંકન સમયગાળા દરમિયાન શાળામાંથી ત્રણ કે વધારે દિવસ ગેરહાજર રહે તો, જૂન 30 ની નિયત તારીખ હવે પછી બિલકુલ લાગુ પડતી નથી. તેને બદલે, 45 શાળા દિવસની સામાન્ય સમયરેખા વત્તા ત્રણ કે વધારે દિવસની ગેરહાજરીઓ માટે દિવસ લંબાવવાનું લાગુ પડશે.

જો તમે પ્રારંભિક મૂલ્યાંકનને સંમતિ ના આપો તો, શાળાએ મધ્યસ્થી માટે માગણી કરીને અથવા આગળની તારીખે સુનાવણીની વિનંતી કરીને મૂલ્યાંકન ચાલુ રાખવાનું રહે છે, પરંતુ તે અનિવાર્ય નથી. જો શાળા મૂલ્યાંકન ચાલુ ન રાખવાનું નક્કી કરે તો, ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓની જરૂરિયાતવાળા અક્ષમતા ધરાવતા તમામ બાળકોને ઓળખવા, શોધી કાઢવા અને મૂલ્યાંકન કરવા શાળા IDEA હેઠળની જરૂરિયાતનું ઉલ્લંઘન કરતી નથી. આ જરૂરિયાતને સ્કૂલ્સ *ચાઇલ્ડ ફાઇન્ડ ડ્યુટી* (બાળક શોધવાની ફરજ) કહેવામાં આવે છે.

## પ્રવેશ, સમીક્ષા, અને બરતરફી સમિતિની બેઠકો

પ્રારંભિક મૂલ્યાંકન અહેવાલ પૂર્ણ કર્યા પછી, અહેવાલની વિચારણા કરવા અને શું તમારું બાળક ખાસ શૈક્ષણિક અને સંબંધિત સેવાઓ માટે પાત્ર છે કે કેમ તે નિર્ધારિત કરવા ARD સમિતિ અચૂક બનાવવી રહી. ARD સમિતિ સભ્યોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- તમે, માતા-પિતા;
- બાળકના ઓછામાં ઓછાં એક નિયમિત શૈક્ષણિક શિક્ષક જે અચૂકપણે, શક્ય હોય ત્યારે, બાળકના IEP નાં ભાગનો અમલ કરવા માટે જવાબદાર હોય તેવા શિક્ષક હોવા જોઇએ;
- બાળકના શિક્ષક કે ઓછામાં ઓછાં એક ખાસ શિક્ષણ આપનાર;
- શાળાના પ્રતિનિધિ;
- મૂલ્યાંકન પરિણામોના શૈક્ષણિક પ્રત્યાઘાતોનું અર્થઘટન કરી શકે તેવી વ્યક્તિ;
- બાળકના સંબંધમાં જ્ઞાન કે ખાસ નિપુણતા ધરાવતી અને કાં તો તમે અથવા તો શાળાએ નિમંત્રિત કરી હોય તેવી અન્ય વ્યક્તિઓ;
- યોગ્ય હોય ત્યારે, બાળક;
- યોગ્ય હોય ત્યાં સુધી, તમારી લેખિત સંમતિ સાથે અથવા, તમારા બાળકની ઉંમર 18 વર્ષની થાય ત્યાર પછી, તમારા પુખ્ત ઉંમરના બાળકની લેખિત સંમતિ સાથે, સંક્રાંતિ સેવાઓ પૂરી પાડવા કે તેની ચૂકવણી કરવા માટે જવાબદાર હોય તેવી શક્યતા ધરાવતી કોઇ સહભાગી એજન્સીના પ્રતિનિધિ;
- કારકિર્દી અને ટેકનિકલ શિક્ષણના પ્રતિનિધિ, કદાચ શિક્ષક, જો બાળકને કારકિર્દી અને ટેકનિકલ શિક્ષણમાં પ્રારંભિક કે સતત નિયુક્તિ માટે વિચારવામાં આવી રહ્યું હોય; અને
- એક વ્યવસાયી કર્મચારીગણ સભ્ય જે ભાષા નિપુણતા મૂલ્યાંકન સમિતિમાં હોય, જો બાળક અંગ્રેજી શીખનાર

ઓળખવામાં આવ્યું હોય.

ARD સમિતિમાં નીચેનાનો સમાવેશ પણ, લાગુ મુજબ થાય છે:

- એક શિક્ષક જે સાંભળવામાં ક્ષતિ ધરાવતા વિદ્યાર્થીઓના શિક્ષણમાં પ્રમાણિત હોય, જો બાળકને સાંભળવામાં ક્ષતિ ની શંકા કે તે પાકું હોય;
- એક શિક્ષક જે દૃષ્ટિની ક્ષતિ ધરાવતા વિદ્યાર્થીઓના શિક્ષણમાં પ્રમાણિત હોય, જો બાળકને દૃષ્ટિની ક્ષતિ હોવાની શંકા કે તે પાકું થયું હોય; અથવા
- એક શિક્ષક જે દૃષ્ટિની ક્ષતિ ધરાવતા વિદ્યાર્થીઓના શિક્ષણમાં પ્રમાણિત હોય અને એક શિક્ષક જે સાંભળવામાં ક્ષતિ ધરાવતા વિદ્યાર્થીઓના શિક્ષણમાં પ્રમાણિત હોય, જો બાળક બધિર-અંધાપો હોવાની શંકા કે તે પાકું થયું હોય.

શાળાએ તમારા બાળક માટે તમને દરેક ARD સમિતિ બેઠકમાં નિમંત્રણ અચૂક આપવું રહ્યું અને એક કે બંને માતા-પિતાઓની સહભાગિતાની ખાતરી કરવા પ્રયત્નો અચૂક કરવા રહ્યા. બેઠકની લેખિત નોટિસ તમને બેઠકના ઓછામાં ઓછાં પાંચ શાળા દિવસ પહેલાં અચૂક આપવી રહી સિવાય કે તમે વધારે ટૂંકા સમયગાળા માટે સંમત થાવ. લેખિત નોટિસમાં બેઠકનો હેતુ, સમય, સ્થળ અને બેઠકમાં હાજર રહેનારની યાદી અચૂક સામેલ હોવી રહી. જો તમે અંગ્રેજી બોલવામાં અક્ષમ રહો તો, શાળાએ તમારી માતૃભાષામાં નોટિસ અચૂક પૂરી પાડવી રહી, સિવાય કે તેવું કરવું સ્પષ્ટપણે શક્ય ના હોય. જો તમારી માતૃભાષા એક લેખિત ભાષા ના હોય તો, શાળાએ નોટિસનું મૌખિક કે અન્ય રીતે ભાષાંતર કર્યું હોવાની ખાતરી કરવા પગલાઓ અચૂક ભરવા રહ્યા જેથી કરીને તમે નોટિસ સમજો.

ARD સમિતિની બેઠક તમે અને શાળા સંમત થઇ શકો તેવા સમયે અને સ્થળે અચૂક થવી રહી. જો શાળાએ દરખાસ્ત કરેલો સમય કે તારીખ તમને અનુકૂળ ના હોય તો, શાળાએ તમે પહોંચી વળી શકો તેવો સમય શોધવા વ્યાજબી પ્રયત્નો અચૂક કરવા રહ્યા. જો માતા-પિતામાંથી કોઇપણ બેઠકમાં હાજર ના રહી શકે તો, તમે વૈકલ્પિક ઉપાયો જેમ કે ટેલિફોન કે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે સહભાગી થઇ શકો. જો શાળા તમને હાજર રહેવાની ખાતરી ના કરાવી શકે તો પછી, શાળા તમારા વગર બેઠક યોજી શકે છે.

ARD સમિતિ સભ્યને ARD સમિતિ બેઠકમાં આંશિક કે સંપૂર્ણપણે હાજર રહેવામાં માફ કરી શકાય જ્યારે વ્યક્તિની હાજરી જરૂરી ના હોય કારણ કે વ્યક્તિનું અભ્યાસક્રમ ક્ષેત્ર કે સંબંધિત સેવાને બેઠકમાં સુધારવામાં ના આવે અથવા તેની ચર્ચા ના કરવામાં આવે. તમારે ક્ષમાયાચના અચૂકપણે લેખિતમાં આપવી રહી.

ARD સમિતિના સભ્યને પણ ARD સમિતિની બેઠકમાં હાજર રહેવા માફી આપી શકાય જ્યારે બેઠકમાં સભ્યના અભ્યાસક્રમના ક્ષેત્ર કે સંબંધિત સેવામાં ફેરફાર, કે તેની ચર્ચા કરવાનું સામેલ થાય જો તમે અને શાળા લેખિતમાં ક્ષમાયાચના માટે સંમત થાવ અને માફી અપાતી વ્યક્તિ બેઠક પહેલાં IEP નાં વિકાસમાં લેખિત માહિતી રજૂ કરે.

## પાત્રતા

શું તમારું બાળક ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે પાત્ર છે કે કેમ તે નિર્ધારિત કરવા માટે બે-ભાગની કસોટી છે: (1) તમારા બાળકને અચૂક અક્ષમતા હોવી રહી; અને (2) અક્ષમતાના પરિણામ સ્વરૂપે, તમારા બાળકને શિક્ષણમાંથી લાભ મેળવવા ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓની જરૂર અચૂક હોવી રહી. પાત્રતા માટે બે-ભાગની કસોટીનો પહેલો ભાગ સંતોષવા, 3 અને 21 વર્ષ વચ્ચેની ઉંમરના બાળકે, નીચે કૌંસમાં નોંધ્યા સિવાય, સૂચિબદ્ધ એક કે વધારે અશક્તતા વર્ગીકરણ માટેના માપદંડ પૂરા પાડવા જરૂરી છે :

- ઓટિઝમ (સ્વલિનતા);
- સાંભળવામાં ક્ષતિ (જન્મથી 21 ની વય સુધી);
- બધિર-અંધાપો (જન્મથી 21 ની વય સુધી);
- ભાવનાઓ સંબંધિત વિક્ષેપ;
- બૌદ્ધિક અશક્તતા;
- બહુવિધ અશક્તતાઓ;
- અવર્ગીકૃત શરૂઆતનું બાળપણ (ત્રણથી પાંચ વર્ષની ઉંમરમાં);
- હાડકાં-સ્નાયુમાં ક્ષતિ;
- અન્ય આરોગ્ય ક્ષતિ;

- શીખવામાં ચોક્કસ અશક્તતા;
- બોલી કે ભાષા ક્ષતિ;
- મગજમાં આઘાતજનક ઇજા; અથવા
- દૃષ્ટિની ક્ષતિ (જન્મથી 21 ની વય સુધી).

ARD સમિતિએ પ્રારંભિક મૂલ્યાંકન અહેવાલ પૂરો કર્યાની તારીખથી 30 કેલેન્ડર દિવસોમાં પાત્રતા નિર્ધારણ અચૂક કરવું રહ્યું. જો 30 મો દિવસ ઉનાળા દરમિયાન આવે અને શાળા સત્રમાં ના હોય તો, ARD સમિતિ પાસે પ્રારંભિક પાત્રતા નિર્ધારણ, IEP, અને નિયુક્તિ સંબંધિત નિર્ણયોને અંતિમ ઓપ આપવા પાનખરમાં વર્ગોના પહેલા દિવસ સુધીનો સમય રહે છે; સિવાય કે પ્રારંભિક મૂલ્યાંકન દર્શાવે કે બાળકને તે ઉનાળા દરમિયાન લંબાવેલ શાળા વર્ષ (એક્સ્ટેન્ડેડ સ્કૂલ ઇયર - **ESY**) સેવાઓની જરૂર પડશે.

જો, જોકે, શાળાને શાળા વર્ષના છેલ્લાં શૈક્ષણિક દિવસ પહેલાં ઓછામાં ઓછાં 35 પરંતુ 45 થી ઓછાં દિવસમાં પ્રારંભિક મૂલ્યાંકન માટે તમારી સંમતિ મળે અને તમારું બાળક તમે સંમતિ આપેલ સમય અને છેલ્લાં શૈક્ષણિક દિવસ વચ્ચે ત્રણ કે વધારે દિવસ ગેરહાજર ના રહ્યું હોય (એટલે કે, જૂન 30 સુધીમાં મૂલ્યાંકન અહેવાલ મેળવવા માટેની શરતો સંતોષાય) તો, ARD સમિતિએ મૂલ્યાંકન અહેવાલ ધ્યાનમાં લેવા આગામી શાળા વર્ષના મોડામાં મોડા 15 માં શાળા દિવસ સુધીમાં અચૂક મળવું રહ્યું, સિવાય કે મૂલ્યાંકન દર્શાવે કે તમારા બાળકને તે ઉનાળા દરમિયાન ESY સેવાઓની જરૂર પડશે. જો મૂલ્યાંકન દર્શાવે કે તમારા બાળકને ઉનાળુ ESY સેવાઓની જરૂર છે તો, ARD સમિતિએ બાળકના મૂલ્યાંકનને ધ્યાનમાં લેવા વહેલામાં વહેલી તકે અચૂક મળવું રહ્યું.

ખાસ શૈક્ષણિક સેવાઓ માટે સંઘર્ષ કરતા તમામ શીખનારાઓ વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે પાત્ર બનતા નથી. જો તમારા બાળકની સમસ્યાઓ વાંચન કે ગણિતમાં યોગ્ય શિક્ષણની ઉણપને લીધે અથવા તમારું બાળક અંગ્રેજીમાં સીમિત નિપુણતા ધરાવતું હોવાની હકીકતને લીધે મુખ્યત્વે ઊભી થાય તો, તમારા બાળકને IDEA હેઠળ અક્ષમતા ધરાવતા બાળક હોવાનું નક્કી કરવું જોઇએ નહીં. જો મૂલ્યાંકનમાં પ્રતિબિંબિત થાય કે તમારા બાળકને અશક્તતા નથી તો, કેમ્પસ-સ્થિત સહાયતા ટુકડી તમારા બાળકને મદદરૂપ થવા મળીને અન્ય સેવાઓ કે કાર્યક્રમોની ભલામણ કરે તેવું બની શકે.

જો મૂલ્યાંકન દેખાડે કે તમારા બાળકને અશક્તતા છે તો, ARD સમિતિએ પછી એ નક્કી કરીને બે-ભાગની પાત્રતા કસોટીના બીજા ભાગને સંબોધવો જરૂરી છે કે સામાન્ય શિક્ષણ અભ્યાસક્રમમાં સામેલ કરવા અને પ્રગતિ કરવા માટે તમારા બાળકને વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓની (એટલે કે, બિનઅસક્ષમ બાળકો માટે છે તેવા સમાન અભ્યાસક્રમની જરૂર છે. .

સેવાઓની પ્રારંભિક જોગવાઇ

જો તમારું બાળક ખાસ શૈક્ષણિક અને સંબંધિત સેવાઓ માટે લાયક બને તો, શાળાએ તમારા બાળકને સૌથી ઓછાં પ્રતિબંધક વાતાવરણ ધરાવતું FAPE પૂરું પાડવું અનિવાર્ય બને છે. આ ARD સમિતિના IEP નાં વિકાસ અને શાળાના IEP નાં અમલીકરણથી પૂરું થાય છે. શાળા કોઇ પ્રારંભિક ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરું પાડી શકે તે પહેલાં; જોકે, શાળાએ સેવાઓ માટે તમારી સંમતિ અચૂક મેળવવી રહી. શાળાએ સેવાઓની પ્રારંભિક જોગવાઇ માટે તમારી સંમતિ મેળવવા વ્યાજબી પ્રયત્નો અચૂક કરવા રહ્યા. જો તમે સેવાઓની પ્રારંભિક જોગવાઇ માટે સંમતિ ના આપો તો, શાળા મધ્યસ્થી માટે ના પૂછે અથવા સેવાઓને સંમતિ માટે તમારા ઇનકારને ન ગણકારવા ભવિષ્યમાં પ્રક્રિયા સુનાવણીની માગણી કરે તેવું બની શકે. કોઇ ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડવામાં આવશે નહિ જો તમે સંમતિ નકારો. જો તમે સંમતિ નકારો છો અથવા વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓની પ્રારંભિક જોગવાઈની વિનંતીને પ્રતિભાવ આપવામાં નિષ્ફળ જાઓ છો તો તમારા બાળકને FAPE ઉપલબ્ધ કરવામાં શાળા તેની ફરજનું ઉલ્લંઘન કરતી નથી.

## વ્યક્તિલક્ષી શિક્ષણ કાર્યક્રમ

IEP નાં મોટા ઘટકોમાં સામેલ છે:

- તમારા બાળકની શૈક્ષણિક ઉપલબ્ધિ અને કાર્યાત્મક કામગીરીના (પ્રેઝન્ટ લેવલ્સ ઓફ એકેડેમિક એચિવમેન્ટ એન્ડ ફંક્શનલ પરફોર્મન્સ - **PLAAFP**) હાલના સ્તરો;
- માપી શકાય તેવા વાર્ષિક લક્ષ્યો, સહિત અધ્યાપન અને કાર્યાત્મક લક્ષ્યો;
- પૂરું પાડવામાં આવનારા ખાસ શિક્ષણ, સંબંધિત સેવાઓ, અને પૂરક મદદ અને સેવાઓનું વર્ણન સહિત કોઇપણ વ્યક્તિલક્ષી યોગ્ય વસાહતોનું નિવેદન કે જે તમારા બાળક માટે આકારણી કરવા આવશ્યક હોય, અને જો તમારા બાળકને નિયમિત રાજ્યભરની આકારણીને બદલે, વૈકલ્પિક આકારણી કરાવવાની જરૂર હોય, અને તમારા બાળક માટે

વૈકલ્પિક આકારણી શા માટે ઉચિત છે;

- તમારું બાળક જે રીતે રાજ્ય અને સમગ્ર ડિસ્ટ્રિક્ટમાં સહભાગી થશે તેને લગતી માહિતી;
- સંક્રાંતિ સેવાઓ, જ્યારે ઉંમર-યોગ્ય હોય; અને
- વિચારણામાં લેવા જરૂરી અન્ય ક્ષેત્રો, અને જો આવશ્યક નક્કી થાય તો જે ચોક્કસ અશક્તતાઓ, જરૂરિયાતો કે સંજોગો ધરાવતા બાળકો માટે સંબોધવા જરૂરી છે .

TEA દ્વારા એક મોડેલ ફોર્મ બનાવાયું છે જે અહીં જોઇ શકાય છે, https://tea.texas.gov/Academics/Special_Student_Populations/Special_Education_SPED/Programs_and_Services/IEP_Model_Form. તમારા બાળકની શાળા આ મોડેલ ફોર્મનો ઉપયોગ અથવા બીજા એક ફોર્મનો ઉપયોગ કરી શકે.

IEP વિકસાવવામાં, ARD સમિતિએ અચૂક ધ્યાનમાં લેવાની ઘણી બાબતો છે, જેમાં સામેલ છે:

- તમારા બાળકની શક્તિઓ;
- તમારા બાળકના શિક્ષણને સુધારવા માટેની ચિંતાઓ;
- તમારા બાળકના સૌથી તાજેતરના મૂલ્યાંકનના પરિણામો; અને
- તમારા બાળકની શૈક્ષણિક, વિકાસલક્ષી, અને કાર્યાત્મક જરૂરિયાતો.

વધુમાં, ARD સમિતિએ કેટલાક બાળકો માટે ખાસ પરિબળો અચૂક સંબોધવા રહ્યા, જે નીચે પ્રમાણે છે:

- બાળકની વર્તણૂક બાળકના શિક્ષણ અથવા અન્યના શિક્ષણને અવરોધે ત્યારે તે વર્તણૂકને અવરોધવા, હકારાત્મક વર્તણૂકલક્ષી હસ્તક્ષેપો અને સહાયતાઓ, અને અન્ય વ્યૂહરચનાઓનો ઉપયોગ ધ્યાનમાં લેવો;
- બાળકની ભાષા જરૂરિયાતોને એ જરૂરિયાતો તરીકે ધ્યાનમાં લેવી જે બાળકના IEP ને સંબંધિત હોય જ્યારે બાળક અંગ્રેજીમાં સીમિત નિપુણતા હોવાની લાયકાત ધરાવે; બ્રેઇલમાં શિક્ષણ અને બ્રેઇલના ઉપયોગ માટેની જોગવાઇ પૂરી પાડે, સિવાય કે સમિતિ નિર્ધારિત કરે કે બ્રેઇલમાં શિક્ષણ અથવા બ્રેઇલનો ઉપયોગ બાળક માટે યોગ્ય નથી જ્યારે બાળકને અંધાપો કે દૃષ્ટિની ક્ષતિ હોય;
- અક્ષમતા ધરાવતા દરેક બાળકની સંદેશાવ્યવહારની જરૂરિયાતોને ધ્યાનમાં લેવી, અને બધિર કે સાંભળવાની સમસ્યા ધરાવતા બાળક માટે, બાળકની ભાષા અને સંદેશાવ્યવહારની જરૂરિયાતો, બાળકની ભાષા અને સંદેશાવ્યવહારની પદ્ધતિમાં સમોવડિયાઓ અને વ્યવસાયી કર્મચારીઓ સાથે સીધા સંદેશાવ્યવહારની તકો, શૈક્ષણિક સ્તર, અને જરૂરિયાતોની પૂરી શ્રેણીને ધ્યાનમાં લેવી, જેમાં બાળકની ભાષા અને સંદેશાવ્યવહારની પદ્ધતિમાં સીધા શિક્ષણ માટેની તકો સામેલ છે; અને
- શું અક્ષમતા ધરાવતું દરેક બાળકને સહાયક ટેકનોલોજી સાધનો અને સેવાઓની જરૂર છે કે કેમ તે વિચારો.

## શૈક્ષણિક ઉપલબ્ધિ અને કાર્યાત્મક કામગીરીના હાલના સ્તરો

IEP માં તમારા બાળકના PLAAFP નું કથન અચૂક સામેલ હોવું રહ્યું. આ કથનમાં સામાન્ય અભ્યાસક્રમમાં સામેલગીરી અને પ્રગતિ કેવી રીતે અશક્તતાને અસર કરે છે તે અચૂક સામેલ હોવું રહ્યું. જો તમારું બાળક સ્કૂલે જવા પહેલાંની ઉંમરનું હોય તો, નિવેદનને અચૂક સમજાવવું રહ્યું કે અશક્તતા કેવી રીતે ઉંમર-યોગ્ય પ્રવૃત્તિઓમાં સહભાગિતા પર અસર કરે છે.

## વાર્ષિક લક્ષ્યો

IEP માં અશક્તતાથી પરિણમતી તમારા બાળકની જરૂરિયાતોને પહોંચી વળવા રચેલા પરિમેય વાર્ષિક લક્ષ્યો સહિત અધ્યાપન અને કાર્યાત્મક લક્ષ્યો સામેલ હોય તે જરૂરી છે જેથી કરીને બાળકને સામાન્ય અભ્યાસક્રમમાં સામેલ કરીને પ્રગતિ કરી શકાય છે. આ લક્ષ્યોએ તમારા બાળકની અશક્તતામાંથી પરિણમતી અન્ય શૈક્ષણિક જરૂરિયાતોને પણ અચૂક સંબોધવી રહી. IEP દ્વારા તમારા બાળકની વાર્ષિક લક્ષ્યો પ્રત્યે પ્રગતિ જે રીતે માપવામાં આવશે તેમજ તમને પ્રગતિ અહેવાલો ક્યારે આપવામાં આવશે તેનું વર્ણન અચૂક કરવું રહ્યું.

## ખાસ શિક્ષણ, સંબંધિત સેવાઓ, અને પૂરક મદદ અને સેવાઓ

ARD સમિતિ નીચેમાંથી શેના માટે કઇ સેવાઓની જરૂર પડે છે તે નક્કી કરે છે:

- બાળકને વાર્ષિક લક્ષ્યો પ્રાપ્ત કરવા તરફ યોગ્ય રીતે આગળ ધપાવવા સક્ષમ બનાવવું;
- સામાન્ય અભ્યાસક્રમમાં સામેલ થવું અને પ્રગતિ કરવી (અભ્યાસક્રમ ઉપરાંતની અને બિનશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સહભાગિતા સહિત); અને
- શિક્ષિત થવું અને અશક્તતા વગરના બાળકો સાથે સહભાગી થવું.

IEP માં તમારા બાળકને અથવા તમારા બાળક વતી પૂરું પાડવાના જરૂરી ખાસ શિક્ષણ, સંબંધિત સેવાઓ, અને પૂરક મદદ અને સેવાઓના નિવેદનને અચૂક સમાવવું રહ્યું. આ સેવાઓ સમોવડી-સમીક્ષા કરેલા સંશોધનથી વ્યવહાર્ય પ્રમાણ પર અચૂક આધારિત હોવી રહી.

વધુમાં, IEP માં શાળા કર્મચારીઓ માટે પૂરા પાડવાના કોઇ જરૂરી સુધારાઓ અને સહાયતાઓનું નિવેદન અચૂક સામેલ હોવું રહ્યું. IEP માં સેવાઓ અને સુધારાઓની શરૂઆત માટે અંદાજીત તારીખ અને સેવાઓ અને સુધારાઓનો અપેક્ષિત પુનરાવર્તન દર, સ્થળ અને સમયગાળો પણ અચૂક સમાવવો રહ્યો.

## રાજ્યના (સરકારી) મૂલ્યાંકનો

સંઘીય કાયદા હેઠળ, રાજ્યના (સરકારી) મૂલ્યાંકનો તમામ બાળકોના અચૂક કરવા રહ્યા જેથી બાળકોને રાજ્યના શૈક્ષણિક વિષય-વસ્તુ ધોરણો શીખવવામાં શાળાઓ સફળ થઇ છે કે કેમ તે નિર્ધારિત કરી શકાય. ટેક્સાસમાં, શૈક્ષણિક વિષય-વસ્તુ ધોરણો જે ટેક્સાસ એસેન્શિયલ નૉલેજ એન્ડ સ્કિલ્સ પણ કહેવાય છે તે TEA વેબસાઇટ પર જોઇ શકાય છે, https://tea.texas.gov/Academics/Curriculum_Standards/TEKS_Texas_Essential_Knowledge_and__Skills. અક્ષમતાઓ ધરાવતા બાળકો જેઓ વિશેષ શિક્ષણ સેવાઓ પ્રાપ્ત કરે છે તેઓ અત્યંત નોંધપાત્ર જ્ઞાનાત્મક  અપંગ બાળકો માટે કે જે વૈકલ્પિક શૈક્ષણિક સિદ્ધિના ધોરણો સાથે બંધાયેલ છે તેવી નિયમિત આકારણી અથવા એક વૈકલ્પિક આકારણી બન્નેમાંથી એક યોગ્ય રાજ્ય આકારણી કરવાશે, તમારું બાળક નિયમિત આકારણી લે છે અથવા વૈકલ્પિક મૂલ્યાંકન કરે છે તે ધ્યાનમાં લીધા વિના, આકારણી રાજ્યના પડકારજનક શૈક્ષણિક સામગ્રીના ધોરણો સાથે જોડાયેલી છે, અને તમારા બાળકના IEPમાં સૂચવ્યા મુજબ, તમારા બાળકને રાજ્ય અને જિલ્લાવ્યાપી આકારણીઓ પર યોગ્ય સવલતો પ્રાપ્ત કરવી આવશ્યક છે.

જો ARD સમિતિ નિર્ધારિત કરે કે તમારા બાળક માટે મૂલ્યાંકનોમાં સહભાગી થવા માટે અનુકૂલન કરવું જરૂરી છે તો, IEP દ્વારા યોગ્ય સમાવેશનું કથન અચૂક સામેલ કરવું રહ્યું. અનુકૂલન સંબંધિત માહિતી અહીં ઉપલબ્ધ છે, https://tea.texas.gov/Student_Testing_and_Accountability/Testing/Student_Assessment_Overview/Accommodation_Resources.

જો ARD સમિતિ નિર્ધારિત કરે કે તમારા બાળકે રાજ્યના કે સમગ્ર ડિસ્ટ્રિક્ટને આવરી લેતા મૂલ્યાંકનને બદલે વૈકલ્પિક મૂલ્યાંકન અચૂક કરાવવું રહ્યું તો, બાળક કેમ નિયમિત મૂલ્યાંકનમાં સહભાગી ના થઇ શકે અને બાળક માટે પસંદ કરેલું ચોક્કસ વૈકલ્પિક મૂલ્યાંકન કેમ યોગ્ય છે તેના સંબંધમાં નિવેદનો અચૂક પૂરા પાડવા રહ્યા. વધુમાં, જો તમારૂં બાળક વૈકલ્પિક આકારણી કરાવી રહ્યું છે, તો તમારા બાળકના IEPમાં બેન્ચમાર્ક અથવા ટૂંકા-ગાળાના હેતુઓ હોવા જરૂરી છે, બેન્ચમાર્ક અથવા ટૂંકા-ગાળાના હેતુઓ માત્ર સૌથી નોંધપાત્ર જ્ઞાનાત્મક અક્ષમતાઓ ધરાવતા વિદ્યાર્થીઓ માટે આવશ્યક છે જેઓ વૈકલ્પિક આકારણી કરાવી રહ્યા છે જે વૈકલ્પિક અધ્યાપન સિદ્ધિ ધોરણો સાથે સીધ-નિર્ધારિત છે.

જો તમારું બાળક રાજ્યના મૂલ્યાંકનમાં સંતોષકારક કામગીરી ના કરે તો, ARD સમિતિએ બાળક ઝડપી શિક્ષણ કાર્યક્રમ કે શિક્ષણના સઘન કાર્યક્રમમાં જે રીતે સહભાગી થવાનું હોય તેને અચૂક સંબોધવું રહ્યું.

## સંક્રાંતિ

IDEA અને રાજ્યના કાયદામાં અનિવાર્ય છે કે ઉંમરલાયક વિદ્યાર્થીઓ માટે IEPs સંક્રાંતિ સેવાઓને સંબોધે. *ટ્રાન્ઝિશન સર્વિસીસ* (સંક્રાંતિ સેવાઓ) બાળકને શાળામાંથી શાળા પછીની પ્રવૃત્તિઓમાં સરકવામાં મદદરૂપ થવા રચેલી પ્રવૃત્તિઓનો સંકલિત સેટ છે. જે ઉંમરે સંક્રાંતિ આયોજન અચૂક શરૂ કરવું રહ્યું, જોકે, ટેક્સાસ કાયદા હેઠળ વિદ્યાર્થી 14 વર્ષથી વધારે ઉંમરે પહોંચે તે પછી નહીં તે રીતે, ARD સમિતિએ IEP માં નીચેના મુદ્દાઓ અચૂક ધ્યાનમાં લેવા રહ્યા અને, જો યોગ્ય લાગે તો નીચેના મુદ્દાઓને સંબોધવા રહ્યા:

(1) વિદ્યાર્થીની સંક્રાંતિથી સાર્વજનિક શાળા તંત્ર બહાર સુધી વિદ્યાર્થીની યોગ્ય સામેલગીરી;
(2) જો વિદ્યાર્થીની ઉંમર 18 વર્ષથી ઓછી હોય તો, વિદ્યાર્થીના માતા-પિતા અને સહભાગી થવા નિમંત્રિત અન્ય વ્યક્તિઓ

દ્વારા વિદ્યાર્થીની સંક્રાંતિમાં યોગ્ય સામેલગીરી નીચે જણાવ્યા મુજબ થાય છે:
(A) વિદ્યાર્થીના માતા-પિતા દ્વારા; અથવા
(B) વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યો હોય તે સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા;

(3) જો વિદ્યાર્થીની ઉંમર ઓછામાં ઓછી 18 વર્ષ હોય તો, વિદ્યાર્થીના માતા-પિતા અને સહભાગી થવા નિમંત્રિત અન્ય વ્યક્તિઓ દ્વારા વિદ્યાર્થીની સંક્રાંતિ અને ભવિષ્યમાં સામેલગીરી ત્યારે થાય છે, જો માતા-પિતા કે અન્ય વ્યક્તિ:
(A) અન્ય વ્યક્તિને વિદ્યાર્થી કે વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યો હોય તે સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા સહભાગી થવા નિમંત્રિત કરવામાં આવે છે; અથવા
(B) પાસે સહાયક નિર્ણય લેવાના કરાર હેઠળ સહભાગી થવા વિદ્યાર્થીની સંમતિ હોય છે;

(4) માધ્યમિક-સ્તર પછી અભ્યાસકાર્ય માટે તૈયારી સહિત, માધ્યમિક પછીના યોગ્ય શૈક્ષણિક વિકલ્પો;
(5) યોગ્ય કાર્યાત્મક વ્યાવસાયિક મૂલ્યાંકન;
(6) યોગ્ય રોજગાર લક્ષ્યો અને હેતુઓ;
(7) જો વિદ્યાર્થીની ઉંમર ઓછામાં ઓછી 18 વર્ષની હોય તો, વિદ્યાર્થીના સંક્રાંતિ લક્ષ્યો અને હેતુઓ સાથેના સહયોગમાં, સામુદાયિક પરિસ્થિતિઓ કે વાતાવરણ જે વિદ્યાર્થીને માધ્યમિક પછીના શિક્ષણ કે તાલીમ, સ્પર્ધાત્મક એકીકૃત રોજગાર, કે સ્વતંત્ર જીવન નિર્વાહ માટે તૈયાર કરતું હોય તે સહિત, ઉંમર-યોગ્ય શૈક્ષણિક વાતાવરણની ઉપલબ્ધિ;
(8) યોગ્ય સ્વતંત્ર જીવન નિર્વાહ લક્ષ્યો અને હેતુઓ;
(9) વિદ્યાર્થીને સુલભ જાહેર લાભો માટે પ્રતિક્ષા યાદી પર વિદ્યાર્થીને મૂકવા સરકારી એજન્સીને ભલામણ સહિત, વિદ્યાર્થીને અથવા વિદ્યાર્થીના માતા-પિતાને સેવાઓ કે જાહેર લાભો માટે સરકારી એજન્સીની ભલામણ સગવડમય બનાવવા માટેના યોગ્ય સંજોગો; અને
(10) યોગ્ય સાધનોનો ઉપયોગ અને ઉપલબ્ધતા:
(A) વિદ્યાર્થીને નિર્ણય લેવાની આવડતો વિકસાવવામાં સહાય કરવા પૂરક મદદ, સેવાઓ, અભ્યાસપૂરક, અને અન્ય તકો; અને
(B) સહાયક નિર્ણય લેવાના કરાર સહિત, વિદ્યાર્થીની સ્વતંત્રતા અને સ્વ-નિર્ધારને પોષવા સહાયતા અને સેવાઓ.

IDEA ના ભાગ B માં આવશ્યક છે કે શરૂઆત પ્રભાવી થનારા પહેલા IEP કરતા મોડી ન હોવી જોઇએ જ્યારે બાળક 16 વર્ષનું, અથવા તેનાથી ઓછી ઉંમરનું હોય જો ARD સમિતિને યોગ્ય લાગે તો, IEP માં તાલીમ, શિક્ષણ, રોજગાર અને યોગ્ય હોય ત્યાં સ્વતંત્ર જીવન નિર્વાહ આવડતોને સંબંધિત ઉંમર-યોગ્ય સંક્રાંતિ મૂલ્યાંકનો આધારિત યોગ્ય પરિમેય માધ્યમિક પછીના લક્ષ્યો અચૂક સામેલ હોવા રહ્યા. IEP માં આ લક્ષ્યો પહોંચવામાં સહાયરૂપ થવા જરૂરી સંક્રાંતિ સેવાઓ સહિત અભ્યાસના ક્રમનો સમાવેશ થવો જરૂરી છે.

સંક્રાંતિ સેવાઓ અને ગૌણપશ્ચાતના લક્ષ્યોની ચર્ચા કરવામાં આવે ત્યારે ARD સમિતિની બેઠકમાં તમારા બાળકને અચૂક નિમંત્રણ આપવું રહ્યું. જો તમારું બાળક બેઠકમાં હાજરી આપતું નથી, તો તમારા બાળકની પસંદગીઓ અને હિતોને વિચારણા હેઠળ લેવામાં આવ્યાં છે તે સુનિશ્ચિત કરવા માટે ARD સમિતિએ અન્ય પગલાં લેવા જરૂરી છે. જો તમારા બાળકની ઉંમર 18 વર્ષથી ઓછી અને ઓછામાં ઓછાં 14 વર્ષની હોય તો, ARD સમિતિએ સહભાગી થવા નિમંત્રિત તમે અને અન્ય વ્યક્તિઓ દ્વારા વિદ્યાર્થીની સંક્રાંતિમાં સામેલગીરીને પણ અચૂક ધ્યાનમાં લેવી રહી, આમાં સહભાગી થવાનું તમે અને શાળા નક્કી કરો છો. વધુમાં, યોગ્ય હોય તેટલા પ્રમાણમાં, તમારી લેખિત સંમતિ કે પુખ્ત ઉંમરના વિદ્યાર્થીની લેખિત સંમતિ સાથે, શાળાએ સંક્રાંતિ સેવાઓ પૂરી પાડવા કે તેની ચૂકવણી કરવા માટે જવાબદાર બનવાની શક્યતા ધરાવનાર સહભાગી થતી કોઇ એજન્સીના પ્રતિનિધિને નિમંત્રણ અચૂક આપવું રહ્યું.

તમારા બાળકની ઉંમર એક વખત 18 વર્ષની થાય એટલે, ARD સમિતિએ તમે અને અન્ય વ્યક્તિઓ દ્વારા વિદ્યાર્થીની સંક્રાંતિ અને ભવિષ્યમાં સામેલગીરીને અચૂક ધ્યાનમાં લેવી અને, જો યોગ્ય લાગે તો, સંબોધવી, જો તમે કે અન્ય વ્યક્તિ:

- પુખ્ત ઉંમરના વિદ્યાર્થી કે પુખ્ત ઉંમરના વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યો હોય તે LEA દ્વારા સહભાગી થવા નિમંત્રિત હોય; અથવા
- પાસે સહાયક નિર્ણય લેવાના કરાર અનુસાર સહભાગી થવા પુખ્ત ઉંમરના વિદ્યાર્થીની સંમતિ હોય.

## પુખ્ત ઉંમરના વિદ્યાર્થીઓ

તમારા બાળકની ઉંમર 18 વર્ષની થાય ત્યારે, બાળક એક *પુખ્ત ઉંમરનો વિદ્યાર્થી* બને છે. પુખ્ત ઉંમરના વિદ્યાર્થીઓ પાસે પોતાના વતી નિર્ણયો લેવાનો અધિકાર હોય છે સિવાય કે અક્ષમ બનવા કાયદા દ્વારા નિર્ધારણ કરવામાં આવ્યું હોય. તમારું બાળક 18 વર્ષનું થાય તેના ઓછામાં ઓછાં એક વર્ષ પહેલાં યોજાતી ARD સમિતિની બેઠકમાં, તમારા બાળકને શીખવા મળશે કે શૈક્ષણિક નિર્ણયો લેવાનો અધિકાર તેઓના માતા-પિતા પાસેથી તેઓમાં તબદીલ થશે. તમારા બાળકની IEP એ

માતા-પિતા અને બાળકને અધિકારોની તબદીલીથી માહિતગાર કર્યા હોવાનું ચકાસવા નિવેદન અચૂક સમાવવું રહ્યું. તેમાં વાલીપણું, વાલીપણાંના વિકલ્પોને લગતી માહિતી અને વહેંચેલા સંસાધનો, અને સ્વતંત્ર જીવન નિર્વાહમાં સહાય કરવા બનાવેલી અન્ય સહાયતા અને સેવાઓને લગતી માહિતીનું વર્ણન કરતું નિવેદન અચૂક સામેલ હોવું રહ્યું.

તમારા અધિકારો તમારા પુખ્ત ઉંમરના વિદ્યાર્થીને તબદીલ કરવામાં આવે ત્યારે, તમે અને તમારા પુખ્ત ઉંમરના વિદ્યાર્થી બંનેને ભવિષ્યની તમામ જરૂરી નોટિસીસ મળશે. જોકે, ARD સમિતિ બેઠકોની નોટિસીસ બેઠકોમાં હાજર રહેવા તમારા માટેનું નિમંત્રણ નથી. તમે માત્ર ત્યારે જ બેઠકોમાં હાજર રહી શકો જો તમારા પુખ્ત ઉંમરના વિદ્યાર્થી તમને નિમંત્રિત કરે અથવા શાળા તમને નિમંત્રિત કરવાની પરવાનગી આપે.

## ઓટિઝમથી પીડાતા બાળકો

ઓટિઝમથી પીડાતા બાળક માટે, સમોવડી-સમીક્ષા આધારે, સંશોધન-આધારિત શૈક્ષણિક વ્યવહારો શક્ય એટલા વ્યવહારુ પ્રમાણ સુધી, 19 TAC §89.1055(e) અનુસાર 11 વ્યૂહરચનાઓ અચૂક ધ્યાનમાં લેવી જરૂરી છે. જરૂર પડે ત્યારે, આ વ્યૂહરચનાઓ અચૂક IEP માં સંબોધવી રહી. જરૂર ના હોય ત્યારે, IEP માં તે પ્રભાવ સુધીનું નિવેદન અને નિર્ધારણ કરવામાં આવ્યું હોય તેનો આધાર અચૂક સમાવવો રહ્યો. વધારાની વ્યૂહરચનાઓ જે ARD સમિતિએ અચૂક ધ્યાનમાં લેવી રહી તે છે:

- વિસ્તારેલા શૈક્ષણિક કાર્યક્રમો;
- લઘુતમ અનૌપચારિક સમય પ્રતિબિંબિત કરતા રોજીંદા સમયપત્રકો;
- ઘરેલું અને સમુદાય-સ્થિત તાલીમ, કે સંભવિત વિકલ્પો;
- હકારાત્મક વર્તણુંક સહાયતા વ્યૂહરચનાઓ;
- ભવિષ્યનું આયોજન;
- માતા-પિતા/કૌટુંબિક તાલીમ, અને સહાયતા;
- ઓળખેલી પ્રવૃત્તિઓ માટે યોગ્ય કર્મચારીગણ-બાળકોની સંખ્યાનું પ્રમાણ;
- સંદેશાવ્યવહારમાં હસ્તક્ષેપો;
- સામાજીક આવડતોમાં સહાયતા અને વ્યૂહરચનાઓ;
- વ્યવસાયી શિક્ષક/કર્મચારીગણ સહાયતા; અને
- સમોવડી-સમીક્ષા કરેલા, સંશોધન-આધારિત વ્યવહારો આધારે શિક્ષણ વ્યૂહરચનાઓ.

## બધિર કે સાંભળવાની સમસ્યાથી પીડાતા બાળકો

બધિર કે સાંભળવાની સમસ્યાથી પીડાતા બાળક માટે, ARD સમિતિએ બાળકને લગતી નીચેની બાબતો ધ્યાનમાં લેવી જરૂરી છે :

- ભાષા અને સંદેશાવ્યવહાર જરૂરિયાતો;
- બાળકની ભાષા અને સંદેશાવ્યવહાર પદ્ધતિમાં સમોવડિયા અને વ્યવસાયી કર્મચારીઓ સાથે સીધા સંદેશાવ્યવહાર માટેની તકો;
- શૈક્ષણિક સ્તર; અને
- બાળકની જરૂરિયાતોની પૂરી શ્રેણી, જેમાં બાળકની ભાષા અને સંદેશાવ્યવહારની પદ્ધતિમાં સીધા શિક્ષણ માટેની તકો સામેલ છે.

## અંધાપો અથવા દૃષ્ટિની ખામી ધરાવતા બાળકો

રાજ્યના કાયદા હેઠળ, અંધાપો કે દૃષ્ટિની ખામીવાળા બાળક માટે, ARD સમિતિએ બ્રેઇલમાં બાળકની IEP સૂચના અને બ્રેઇલનો ઉપયોગ સમાવવો રહ્યો સિવાય કે ARD સમિતિ નિર્ધારિત અને દસ્તાવેજીકૃત કરે કે બાળક માટે બ્રેઇલ યોગ્ય સાક્ષરતા માધ્યમ નથી. ARD સમિતિનું નિર્ધારણ બાળકના યોગ્ય સાક્ષરતા માધ્યમ અને સાક્ષરતા આવડતો અને બાળકની હાલની અને ભાવિ શૈક્ષણિક જરૂરિયાતોના મૂલ્યાંકન આધારિત હોવું રહ્યું.

રાજ્યના કાયદા હેઠળ, અંધાપો કે દૃષ્ટિની ખામીવાળા બાળક માટે, ARD સમિતિએ નીચેની બાબતો માટે બાળકની જરૂરિયાત અચૂક ધ્યાનમાં લેવી રહી:

- વળતરમય આવડતો, જેમ કે બ્રેઇલ અને વિભાવના વિકાસ, અને બાકીના અભ્યાસક્રમ સુધી પહોંચવા જરૂરી અન્ય

આવડતો;
- અભિગમ અને ચલાયમાનતા સૂચના;
- સામાજીક સંવાદ આવડતો;
- કારકિર્દી આયોજન;
- ઓપ્ટિકલ સાધનો સહિત, સહાયક ટેકનોલોજી;
- સ્વતંત્ર જીવન નિર્વાહ આવડતો;
- મનોરંજન અને નવરાશનો આનંદ;
- સ્વ-નિર્ધાર; અને
- જ્ઞાનેન્દ્રિય કાર્યક્ષમતા.

## વર્તણૂકલક્ષી હસ્તક્ષેપ યોજનાઓ (BIP)

જો ARD સમિતિ નિર્ધારિત કરે કે વર્તણૂક સુધાર યોજના કે વર્તણૂકલક્ષી હસ્તક્ષેપ યોજના (બિહેવિયરલ ઇન્ટરવેન્શન પ્લાન - **BIP**) તમારા બાળક માટે યોગ્ય હોય તો, તે યોજના તમારા બાળકની IEP નાં ભાગ તરીકે અચૂક સામેલ હોવો રહ્યો અને તમારા બાળકને શિક્ષિત કરવા માટેની જવાબદારી વડે દરેક શિક્ષકને અચૂક પૂરો પાડવો રહ્યો.

## લંબાવેલ શાળા વર્ષની સેવાઓ

ARD સમિતિએ અચૂક ધ્યાનમાં લેવું કે તમારું બાળક ESY સેવાઓ માટે લાયક ઠરે છે કે કેમ. તમારું બાળક ESY સેવાઓ માટે લાયક બને છે જો, તમારા બાળકના હાલના IEP લક્ષ્યો અને હેતુઓમાં સંબોધેલા એક કે વધારે સટીક ક્ષેત્રોમાં, તમારા બાળકે દર્શાવ્યું હોય, અથવા વ્યાજબીપણે દર્શાવવા અપેક્ષિત બની શકે, ગંભીર કે નોંધપાત્ર પીછેહઠ જે વ્યાજબી સમયગાળામાં પુનઃમેળવી શકાતી ના હોય. પરિભાષા *ગંભીર કે નોંધપાત્ર પીછેહઠ*નો અર્થ એ થાય કે બાળક ESY સેવાઓના અભાવમાં એક કે વધારે સંપાદિત સટીક આવડતો જાળવવામાં અસમર્થ રહ્યું છે, અથવા રહેશે.

જો ARD સમિતિ નિર્ધારિત કરે કે તમારા બાળકને ESY સેવાઓની જરૂર છે તો, પછી IEP દ્વારા ESY સેવાઓ દરમિયાન IEP માં કયા લક્ષ્યો અને હેતુઓ અચૂક ઓળખવા રહ્યા. જો તમારી શાળા તમારા બાળકની વાર્ષિક ARD સમિતિ બેઠકમાં ESY સેવાઓની ચર્ચા કરવાની દરખાસ્ત ના કરે તો, તમે વિનંતી કરી શકો કે તમારા બાળકની ARD સમિતિ ESY સેવાઓ માટેની પાત્રતાની ચર્ચા કરે. ESY સેવાઓને લગતી માહિતી વેબસાઇટ પર ઉપલબ્ધ છે, https://tea.texas.gov/Academics/Special_Student_Populations/Special_Education/Programs_and_Services/Extended_School_Year_Services_for_Students_with_Disabilities.

## નિયુક્તિ

IDEA માટે અનિવાર્ય છે કે અશક્તતા ધરાવતું બાળક *સૌથી ઓછાં પ્રતિબંધક વાતાવરણ*માં શિક્ષિત થાય. આનો અર્થ એ થાય કે તમારા બાળકને એ બાળકો સાથે અચૂક શિક્ષિત કરવું રહ્યું જેઓની અશક્તતા મહત્તમ યોગ્ય પ્રમાણ જેટલી નથી. તમારા બાળકને નિયમિત શૈક્ષણિક વાતાવરણમાંથી કાઢી મૂકવાનું માત્ર તો જ બની શકે જો બાળકની અશક્તતાની પ્રકૃતિ કે ગંભીરતા એવી હોય જે પૂરક મદદ અને સેવાઓનો ઉપયોગ કરીને સંતોષકારક રીતે ના મેળવી શકાતી હોય.

*પૂરક મદદ અને સેવાઓ*નો અર્થ નિયમિત શૈક્ષણિક વર્ગો, અન્ય શિક્ષણ-સંબંધિત પરિસ્થિતિઓ, અને અભ્યાસક્રમ ઉપરાંતની અને બિનશૈક્ષણિક પરિસ્થિતિઓમાં પૂરી પડાતી મદદ, સેવાઓ, અને અન્ય સહાયતાનો થાય છે, અશક્તતા ધરાવતા બાળકોને અશક્તતા વગરના બાળકો સાથે મહત્તમ યોગ્ય પ્રમાણ સુધી શીખવામાં સક્ષમ બનાવવા.

ખાસ શૈક્ષણિક પ્રક્રિયાના હાર્દ ભાગમાં બાળકના IEP નાં અમલીકરણ માટે યોગ્ય શૈક્ષણિક નિયુક્તિ નિર્ધારિત કરવાનું સામેલ છે. નિયુક્તિ અશક્તતા ધરાવતા બાળક માટે ઉપલબ્ધ નિયુક્તિ વિકલ્પોની અખંડિતતા સાથેના મુદ્દાઓનો (એટલે કે, નિયમિત વર્ગો, ખાસ શાળાઓ, ઘર પર મર્યાદિત શિક્ષણ, દવાખાનાઓ અને સંસ્થાઓમાં શિક્ષણ) નિર્દેશ કરે છે. નિયુક્તિ, સેવાઓ આપવાની હોય તે ચોક્કસ ભૌતિક સ્થળ કે જગ્યાનો, નિર્દેશ કરતું નથી. ARD સમિતિ બાળકના IEP આધારિત શૈક્ષણિક નિયુક્તિઓ નિર્ધારિત કરે છે.

## ARD સમિતિનો નિર્ણય

ARD સમિતિનો IEP નાં અનિવાર્ય ઘટકોને સંબંધિત નિર્ણય સભ્યોની પારસ્પરિક સંમતિથી અચૂક લેવો રહ્યો જો શક્ય હોય. પારસ્પરિક સંમતિને સમિતિના સભ્યોની સર્વસંમતિ કહેવામાં આવે છે. ARD સમિતિએ સર્વસંમતિ તરફ કામ કરવું જોઇએ,

પરંતુ શાળા પાસે એ ખાતરી કરાવવાની છેવટે જવાબદારી રહે છે કે FAPE મેળવવાના હેતુસર તમારા બાળકને જરૂરી સેવાઓ IEP સમાવે છે. ARD સમિતિના નિર્ણયો બહુમતિ મત આધારે લેવા એ મંજૂરીને પાત્ર નથી. IEP એ અચૂક દર્શાવવું રહ્યું કે તમે અને વહીવટકાર ARD સમિતિના નિર્ણયો સાથે સંમત કે અસંમત થાવ છો કે કેમ.

જો તમે ARD સમિતિના નિર્ણયોથી અસંમત થતા હો તો, તમને 10 શાળા દિવસ ન વટાવતા સમયગાળા માટે સમિતિનો વિરામ રાખવાની એક તક આપવામાં આવશે સિવાય કે તમે અને શાળા અન્યથા પરસ્પર સંમત થાવ. જો તમે વિરામ કરવા અને ફરીથી મળવાની તૈયારી બતાવવાનું સ્વીકારો તો, ARD સમિતિએ પારસ્પરિક સંમતિ દર્શાવેલા સમયે અને સ્થળે ફરીથી મળવા બેઠક અચૂક નક્કી કરવી રહી. જોકે, જો તમારા બાળકની કેમ્પસમાં હાજરી તમારા બાળક કે અન્ય લોકોને શારીરિક નુકસાનનો ભય ઊભો કરે, અથવા જો તમારા બાળકે કાઢી મૂકવાને લાયક કોઇ ગુનો કર્યો હોય અથવા એવો ગુનો જે શિસ્તપાલન સંબંધિત વૈકલ્પિક શૈક્ષણિક કાર્યક્રમમાં નિયુક્તિ તરફ દોરી જાય તેવું બની શકે તો, ARD સમિતિએ વિરામ લેવાનો હોતો નથી પછી ભલે તમે ARD સમિતિના નિર્ણયો સાથે અસંમત થાવ.

વિરામ દરમિયાન, સભ્યોએ અચૂક વિકલ્પો વિચારવા રહ્યા, વધારાની માહિતી એકઠી કરવી રહી, આગળ દસ્તાવેજીકરણ તૈયાર કરવું રહ્યું, અને/અથવા વધારાના સંસાધન તરીકે એવી વ્યક્તિઓ મેળવવી રહી જે ARD સમિતિને પારસ્પરિક સંમતિ સુધી પહોંચવા સમર્થ બનાવવામાં સહાય કરી શકે. જો ARD સમિતિ ફરીથી મળે અને તમે અસંમત થવાનું ચાલુ રાખો તો, અસંમતિમાં સંમતિ અનિવાર્ય હોય તેવી સેવાઓની પ્રારંભિક જોગવાઇ સામેલ હોય તે સિવાય, શાળાએ IEP નું અમલીકરણ અચૂક કરવું રહ્યું કે શાળાએ કરેલો નિર્ણય તમારા બાળક માટે યોગ્ય છે.

પરસ્પર સંમતિ ન મળે ત્યારે, અસંમતિ માટેના આધારનું લેખિત નિવેદન IEP માં અચૂક સમાવવું રહ્યું. જો તમે ARD સમિતિના નિર્ણય સાથે અસંમત હો તો, તમને તમારી અસંમતિનું પોતાનું નિવેદન લખવાની તક અચૂક આપવી રહી. શાળાએ IEP નાં અમલીકરણના ઓછામાં ઓછાં પાંચ શાળા દિવસ પહેલાં તમને અગાઉથી લેખિત નોટિસ અચૂક પૂરી પાડવી રહી, સિવાય કે તમે વધારે ટૂંકા સમયગાળા માટે સંમત થાવ.

ARD સમિતિ IEP નાં તમામ જરૂરી ઘટકો વિશે સંમતિ સુધી પહોંચવા નિષ્ફળતા સિવાયના કારણો માટે પણ વિરામ લેવાનું પસંદ કરી શકે.

## IEP ની નકલ

શાળાએ તમારા બાળકના IEP ની નકલ તમને કોઇ ખર્ચ વગર અચૂક આપવી રહી. 19 TAC §89.1050(i) હેઠળ, જો તમે અંગ્રેજી બોલવામાં અસમર્થ હો અને તમારી માતૃભાષા સ્પેનિશ હોય તો, શાળાએ તમારા બાળકના IEP ની લેખિત નકલ અથવા ઓડિયો રેકોર્ડિંગનું સ્પેનિશમાં ભાષાંતર અચૂક પૂરું પાડવું રહ્યું. જો તમે અંગ્રેજી ના બોલી શકતા હો અને તમારી માતૃભાષા સ્પેનિશ ના હોય તો, શાળાએ તમારા બાળકના IEP ની લેખિત નકલ અથવા ઓડિયો રેકોર્ડિંગનું તમારી માતૃભાષામાં ભાષાંતર પૂરું પાડવા સારો એવો પ્રયત્ન અચૂક કરવો રહ્યો. જો તમે અંગ્રેજી ના બોલી શકતા હો અને તમારી માતૃભાષા કોઇ લેખિત ભાષા ના હોય તો, શાળાએ તમારા બાળકના IEP નું મૌખિક કે બીજી કોઇ રીતે તમારી માતૃભાષામાં ભાષાંતર કરવામાં આવે તેની ખાતરી કરવા પગલા અચૂક લેવા રહ્યા. લેખિત ભાષાંતરનો અર્થ એ થાય કે તમારા બાળકના IEP માંના તમામ લખાણનું ભાષાંતર લેખિત સ્વરૂપે કરવામાં આવે. તમારા બાળકના IEP માંની તમામ માહિતીનું મૌખિક ભાષાંતર અને રેકોર્ડિંગ કરવામાં આવે ત્યાં સુધી, શાળા તમને ARD સમિતિ બેઠકનું ઓડિયો રેકોર્ડિંગ પૂરું પાડી શકે છે જો તમને એક દુભાષિયો કે બેઠકના ભાષાંતર દ્વારા સહાય કરવામાં આવી હતી.

IDEA ના ભાગ B હેઠળ, માતાપિતા ARD સમિતિની બેઠક ખાતેની કાર્યવાહીને સમજવા સહિત બહેરાશ ધરાવતા માતાપિતા અથવા જેમની મૂળ ભાષા અંગ્રેજી સિવાયની અન્ય કોઇ છે તેમની માટે દુભાષિયાની વ્યવસ્થા ગોઠવવાનું સુનિશ્ચિત કરવા માટે જરૂરી હોય તેવાં કોઇપણ પગલા ભરવા શાળા માટે જરૂરી છે.

## IEP (વ્યક્તિલક્ષી શૈક્ષણિક કાર્યક્રમ)ની સમીક્ષા

ARD સમિતિએ તમારા બાળકના IEP ની સમીક્ષા કરવા વર્ષમાં ઓછામાં ઓછું એક વખત અચૂક મળવું અને એ નિર્ધારિત કરવું રહ્યું કે વાર્ષિક લક્ષ્યો સંતોષવામાં આવી રહ્યા છે કે કેમ. ARD સમિતિ તમારા બાળકના IEP ને સુધારવા વાર્ષિક કરતા વધારે અવારનવાર મળી શકે, યોગ્ય લાગે તેમ, નીચેના મુદ્દાઓને સંબોધવા:

- વાર્ષિક લક્ષ્યો તરફ અને સામાન્ય અભ્યાસક્રમમાં અપેક્ષિત પ્રગતિની કોઇ ઉણપ;

- કોઇ પુનઃમૂલ્યાંકનના પરિણામો;
- જે બાળકને આઇઇપી પૂરું પાડવામાં આવ્યું હોય તેને લગતી માહિતી, અથવા માતા-પિતા દ્વારા;
- બાળકની અપેક્ષિત જરૂરિયાતો; અથવા
- અન્ય મુદ્દાઓ.

તમે તમારા બાળકને લગતી શૈક્ષણિક ચિંતાઓની ચર્ચા કરવા ARD સમિતિની બેઠકની વિનંતી કરી શકો. શાળાએ કાં તો બેઠક યોજવા તમારી લેખિત વિનંતી મંજૂર કરવી રહી અથવા તો, પાંચ શાળા દિવસની અંદર, શાળા બેઠક બોલવવાનો ઇનકાર કેમ કરે છે તે સમજાવતી લેખિત નોટિસ તમને પૂરી પાડવી રહી. જો તમે અંગ્રેજી બોલવામાં અક્ષમ રહો તો, શાળાએ તમારી માતૃભાષામાં નોટિસ અચૂક પૂરી પાડવી રહી, સિવાય કે તેવું કરવું સ્પષ્ટપણે શક્ય ના હોય. જો તમારી માતૃભાષા એક લેખિત ભાષા ના હોય તો, શાળાએ નોટિસનું મૌખિક કે અન્ય રીતે ભાષાંતર કર્યું હોવાની ખાતરી કરવા પગલાઓ અચૂક ભરવા રહ્યા જેથી કરીને તમે નોટિસ સમજો.

તમે અને શાળા ARD સમિતિની બેઠક યોજ્યા વગર IEP માં ફેરફારો કરવા સંમત થઇ શકો. જોકે, પાત્રતા નિર્ધારણમાં ફેરફારો, નિયુક્તિમાં ફેરફારો, અને અભિવ્યક્તિ નિર્ધારણ ARD સમિતિ બેઠકમાં અચૂક કરવા રહ્યા. જો કોઇ IEP ને ARD સમિતિની બેઠક બહાર બદલવામાં આવે તો, સંમતિ દર્શાવેલા ફેરફારો પ્રતિબિંબિત કરતો લેખિત દસ્તાવેજ હોવો રહ્યો. વિનંતી કરવાથી, શાળાએ તમને સુધારાઓ કરેલા IEP ની નકલ અચૂક પૂરી પાડવી રહી. વધુમાં, શાળાએ બાળકની ARD સમિતિને આ ફેરફારોથી માહિતગાર કર્યા હોવાની ખાતરી અચૂક કરવી.

## પુનઃમૂલ્યાંકન

એક વખત તમારા બાળકને ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ મળવાનું શરૂ થાય એટલે, સમયાંતરે પુનઃમૂલ્યાંકનો અનિવાર્ય હોય છે. શાળાએ પુનઃમૂલ્યાંકન માટે તમારી સંમતિ મેળવવા વ્યાજબી પ્રયત્નો અચૂક કરવા રહ્યા. જો તમે વ્યાજબી પ્રયત્નો કરવા છતાં પ્રતિભાવ આપવામાં નિષ્ફળ જાવ તો, શાળા તમારી સંમતિ વગર પુનઃમૂલ્યાંકન કરી શકે. જો તમે તમારા બાળકના પુનઃમૂલ્યાંકન માટે સંમતિનો ઇનકાર કરો તો, શાળા મધ્યસ્થી માટેની માગણી કરી શકે અથવા ભવિષ્યની પ્રક્રિયામાં સુનાવણીની વિનંતી કરી શકે જેથી પુનઃમૂલ્યાંકન માટે તમારી સંમતિની ઉણપને અવગણી શકાય, પરંતુ તેમ કરવું અનિવાર્ય નથી. શાળા પોતાની બાળક શોધ ફરજનું કે તમારા બાળકનું મૂલ્યાંકન કરવા પોતાની ફરજનું ઉલ્લંઘન કરતી નથી જો શાળા પુનઃમૂલ્યાંકન માટે સંમતિ આપવા તમારા ઇનકારને અવગણવા ધારે નહીં.

પુનઃમૂલ્યાંકન એ પ્રારંભિક મૂલ્યાંકન જેવું સરખું હોય છે. પુનઃમૂલ્યાંકન એ નક્કી કરવા માટે  પૂરતું વ્યાપક હોવું જરૂરી છે કે શું તમારા બાળકે અશક્ત બાળક બનવાનું ચાલુ રાખ્યું છે અને તમારા બાળકની શૈક્ષણિક જરૂર શું છે. તમે અને શાળા અન્યથા સંમત થાય તે સિવાય, તમારા બાળકની જરૂરિયાતોનું પુનઃમૂલ્યાંકન ઓછામાં ઓછાં દર ત્રણ વર્ષે અચૂક કરવું રહ્યું. એક વર્ષમાં એકથી વધારે પુનઃમૂલ્યાંકન ના થઇ શકે સિવાય કે તમે અને શાળા અન્યથા સંમત થાવ.

હયાત મૂલ્યાંકન ડેટાની સમીક્ષા (રિવ્યૂ ઓફ એક્ઝિસ્ટિંગ ઇવેલ્યુએશન ડેટા - **REED**) પ્રારંભિક મૂલ્યાંકનના ભાગ તરીકે થવી જરૂરી છે, જો યોગ્ય લાગે, તો REED  અને IDEA હેઠળ બાળકના કોઇ પુનઃમૂલ્યાંકનના ભાગ તરીકે ઉદ્દભવે તે જરૂરી છે. શાળાએ હયાત મૂલ્યાંકન ડેટાની સમીક્ષા કરવા તમારી સંમતિ મેળવવી અનિવાર્ય નથી. REED તમારા સહિત, ARD સમિતિ દ્વારા અચૂક યોજાવી રહી, પરંતુ તે એક બેઠકમાં યોજાય તે જરૂરી નથી. સભ્યોએ મૂલ્યાંકન કે પુનઃમૂલ્યાંકનની પરિસ્થિતિ નિર્ધારિત કરવા, તમે પૂરી પાડેલી માહિતી સહિત, તમારા બાળકને લગતા હયાત મૂલ્યાંકન ડેટાની સમીક્ષા અચૂક કરવી રહી.

જો તમારું બાળક અગાઉથી ખાસ શૈક્ષણિક અને સંબંધિત સેવાઓ મેળવી રહ્યું હોય તો, ARD સમિતિ નક્કી કરે છે કે વધારાના કયું મૂલ્યાંકન, જો કોઇ હોય, એ નિર્ધારિત કરવા જરૂરી બને છે કે ઉમેરણ અથવા સુધારાઓ તમારા બાળકની ખાસ શૈક્ષણિક અને સંબંધિત સેવાઓને કરવામાં આવશે કે કેમ.

જો ARD સમિતિ નક્કી કરે કે તમારા બાળકને ખાસ શૈક્ષણિક અને સંબંધિત સેવાઓની જરૂર ચાલુ રહેશે કે કેમ તે નિર્ધારિત કરવા વધારાના એક મૂલ્યાંકનની જરૂર નથી તો, આ નિર્ણય માટેના કારણો તમને અચૂક સમજાવવા રહ્યા. કારણો સમજાવ્યા પછી ARD સમિતિએ કેમ નિષ્કર્ષ કાઢ્યો છે કે હયાત મૂલ્યાંકન ડેટા પૂરતા છે, શાળાએ જરૂરી પુનઃમૂલ્યાંકન પૂરું કરવા નવું મૂલ્યાંકન કરવું પડતું નથી સિવાય કે તમે વિનંતી કરો કે શાળા તેમ કરે.

## સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન (IEE)

જો તમે શાળા દ્વારા મૂલ્યાંકન કે પુનઃમૂલ્યાંકન સાથે અસંમત હો તો, તમે શાળાના ખર્ચે સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકનની (ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશન - **IEE**) વિનંતી કરી શકો. શાળાએ તમને એ માહિતી અચૂક આપવી રહી કે ક્યાં IEE મેળવી શકાય અને IEE મેળવવા માટે શાળાના માપદંડની નકલ તમને અચૂક આપવી રહી. IEE દ્વારા શાળાના માપદંડ અચૂક સંતોષાવા રહ્યા. જો તમે IEE ની વિનંતી કરો તો, કોઇપણ બિનજરૂરી વિલંબ વિના, શાળાએ કાં તો IEE માટે ચૂકવણી કરવી જરૂરી છે અથવા તો ભવિષ્યમાં પ્રક્રિયા સુનાવણીની વિનંતી એ દેખાડવા કરવી રહી કે તેનું મૂલ્યાંકન યોગ્ય છે. દરેક વખતે શાળા મૂલ્યાંકન કરે ત્યારે તમે જાહેર ખર્ચે માત્ર એક IEE ને પાત્ર બનો છો. જો શાળા સુનાવણીની માગણી કરે અને સુનાવણી અધિકારી નક્કી કરે કે શાળાનું મૂલ્યાંકન યોગ્ય છે તો, તમારી પાસે હજુ પણ IEE નો અધિકાર રહે છે, પરંતુ શાળાના ખર્ચે નહીં. શાળાના માપદંડને સંતોષતી IEE માંથી મેળવેલી માહિતી FAPE ની જોગવાઇના સંદર્ભમાં ARD સમિતિએ અચૂક ધ્યાનમાં લેવી રહી પછી ભલે શાળા IEE માટે ચૂકવણી કરે કે કેમ.

## સેવાઓ માટેની સંમતિ પાછી ખેંચવી

તમારી પાસે ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓની પ્રારંભિક જોગવાઇ સામે સંમતિ આપવાની સત્તા હોય છે તેમ, તમારી પાસે સેવાઓ માટે તમારી સંમતિ પાછી ખેંચવાની સત્તા રહે છે. તમારે સંમતિ પાછી ખેંચવાની બાબત અચૂક લેખિતમાં હોવી રહી. એક વખત શાળાને તમે સંમતિ પાછી ખેંચ્યાની માહિતી લેખિતમાં મળે એટલે, શાળાએ તમારા નિર્ણયને અચૂક માન આપવું રહ્યું. જોકે, શાળા સેવાઓ બંધ કરે તે પહેલાં, શાળાએ તમને અગાઉથી લેખિત નોટિસ અચૂક પૂરી પાડવી રહી કે સેવાઓ બંધ થશે. શાળાએ સેવાઓ અચૂક બંધ કરવાની હોવા છતાં, શાળાએ તમારા બાળકની ભૂતપૂર્વ ખાસ શૈક્ષણિક અને સંબંધિત સેવાઓને કોઇ સંદર્ભ કાઢી નાખવા તમારા બાળકના શૈક્ષણિક રૅકોર્ડ્સ સુધારવા અનિવાર્ય નથી.

જો તમે ખાસ શૈક્ષણિક અને સંબંધિત સેવાઓની સતત જોગવાઇ માટે તમારી સંમતિ પાછી ખેંચી લો તો, તમારા બાળકને સામાન્ય શિક્ષણ વિદ્યાર્થી તરીકે ગણવામાં આવશે અને IDEA હેઠળ કોઇપણ સંરક્ષણને પાત્ર રહેશે નહીં. વધુમાં, જો તમે સેવાઓ માટેની તમારી સંમતિ પાછી ખેંચી લો તો, શાળા તમારા નિર્ણયમાં ફેરફાર કરવા કે તેને પડકારવામાં મધ્યસ્થી કે ભવિષ્યમાં પ્રક્રિયા સુનાવણીની વિનંતી ના પણ કરે.

## ગ્રેજ્યુએશન

ટેક્સાસમાં જાહેર શિક્ષણ તંત્રના હેતુઓ પૈકી એક હેતુ એ છે કે તમામ વિદ્યાર્થીઓ હાઇ સ્કૂલ ડિપ્લોમા મેળવે નહિ ત્યાં સુધી તેઓ શાળામાં રહેશે. વિદ્યાર્થીઓએ નિયમિત હાઇ સ્કૂલ ડિપ્લોમા સાથે સ્નાતક બનવાના હેતુસર ચોક્કસ ધોરણો અચૂક સંતોષવા રહ્યા. ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ મેળવનાર બાળક માટે, શાળાએ કોઇ વિદ્યાર્થીને સ્નાતક બનાવવા તૈયાર કરતી વખતે અથવા વિદ્યાર્થી હવે ઉંમર પાત્રતા જરૂરિયાતો બિલકુલ સંતોષતા ન હોવાને લીધે વિદ્યાર્થીની ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ રદ કરતી વખતે ચોક્કસ કાર્યપદ્ધતિઓ અચૂક અનુસરવી રહી. વધુમાં, ARD સમિતિ ગ્રેજ્યુએશનના સંબંધમાં કેટલાક નિર્ણયોમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

IDEA હેઠળ, ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પાત્ર બાળક કે પુખ્ત ઉંમરના વિદ્યાર્થીને અચૂક ઉપલબ્ધ રહેવી જોઇએ સિવાય કે તે કે તેણી નિયમિત હાઇ સ્કૂલ ડિપ્લોમા સાથે સ્નાતક બને અથવા રાજ્યના કાયદા હેઠળ મફત યોગ્ય જાહેર શિક્ષણ માટે ઉંમર પાત્રતા જરૂરિયાતો વટાવી દે, જે ટેક્સાસમાં 21 વર્ષની ઉંમર અથવા વિદ્યાર્થીના 22મો જન્મ દિવસ છે. શાળાકીય વર્ષના સપ્ટેમ્બર 1 નાં રોજ 21 વર્ષની ઉંમરનો ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ મેળવનાર પુખ્ત વિદ્યાર્થી તે શાળા વર્ષના અંત સુધી અથવા સામાન્ય શિક્ષણમાં અભ્યાસક્રમ ધોરણો અને ક્રેડિટ જરૂરિયાતો સંતોષીને નિયમિત હાઇ સ્કૂલ ડિપ્લોમા સાથે સ્નાતક સુધી સેવાઓ મેળવવાને પાત્ર છે, બેમાંથી જે પણ પહેલા થાય ત્યાં સુધી.

જ્યારે તમારા બાળકની કે પુખ્ત વિદ્યાર્થીની ખાસ શિક્ષણ માટેની પાત્રતા નિયમિત હાઇ સ્કૂલ ડિપ્લોમા સાથે ગ્રેજ્યુએશન મેળવવાને લીધે અથવા ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે ઉંમર પાત્રતા વટાવી જવાને લીધે સમાપ્ત થવાની હોય ત્યારે, શાળાએ તમને સેવાઓ સમાપ્ત થવાની અગાઉથી લેખિત નોટિસ અચૂક આપવી રહી. વધુમાં, શાળાએ બાળક કે પુખ્ત વિદ્યાર્થીને પોતાની શૈક્ષણિક ઉપલબ્ધિ અને કાર્યાત્મક કામગીરીનો સારાંશ આપવો જરૂરી છે. જેમાં બાળકના અથવા વયસ્ક વિદ્યાર્થીઓના માધ્યમિક પશ્ચાતના લક્ષ્યોને પૂરા પાડવામાં બાળક અથવા વયસ્ક વિદ્યાર્થીને કેવી રીતે સહાયક બનવું તે અંગેની ભલામણોનો સમાવેશ કરવાનો રહેશે.

ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ મેળવનાર બાળક કે પુખ્ત વિદ્યાર્થી સામાન્ય શિક્ષણમાં વિદ્યાર્થીઓને લાગુ સરખા અભ્યાસક્રમ ધોરણો અને ક્રેડિટ જરૂરિયાતો સંતોષીને ચારમાંથી એક ગ્રેજ્યુએશન પ્રોગ્રામ (એટલે કે ફાઉન્ડેશન હાઇ સ્કૂલ પ્રોગ્રામ, રિકમાન્ડેડ હાઇ સ્કૂલ પ્રોગ્રામ, ડિસ્ટિંગ્યુઇશ્ડ એચિવમેન્ટ હાઇ સ્કૂલ પ્રોગ્રામ, કે મિનિમમ હાઇ સ્કૂલ પ્રોગ્રામ) હેઠળ,

તેમજ જરૂરી રાજ્ય મૂલ્યાંકનોમાં પાસ થઇને ગ્રેજ્યુએટ થઇ શકે અને નિયમિત હાઇ સ્કૂલ ડિપ્લોમા મેળવી શકે.

ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે પાત્રતા ધરાવનાર તમામ ગ્રેજ્યુએટ થનારા વિદ્યાર્થીઓ કે જેમની પાત્રતા નિયમિત હાઇ સ્કૂલ ડિપ્લોમાના એવૉર્ડને કારણે સમાપ્ત થતી હોય તેઓને શૈક્ષણિક ઉપલબ્ધિ અને કાર્યાત્મક કામગીરીનો સારાંશ અચૂક પૂરો પાડવો રહ્યો. આ સારાંશે, યોગ્ય હોય ત્યાં, માતા-પિતા અને વિદ્યાર્થીના મંતવ્યો અને પુખ્ત સેવા સંસ્થાઓઓની એ લેખિત ભલામણોને અચૂક ધ્યાનમાં લેવી રહી કે વિદ્યાર્થીને માધ્યમિક પછીના લક્ષ્યો સંતોષવામાં સહાયતા કેવી રીતે કરવી. કેટલાક વિદ્યાર્થીઓ માટે, સારાંશમાં વિદ્યાર્થીના મૂલ્યાંકનનો સમાવેશ અચૂક હોવો રહ્યો.

બાળક અથવા પુખ્ત વિદ્યાર્થી જે ગ્રેજ્યુએટ થાય છે પરંતું નિયમિત હાઇ સ્કૂલ ડિપ્લોમા વિના અને જે 22 વર્ષની નીચેની વય ધરાવે છે તો હજુપણ તે IDEA હેઠળ મફત યોગ્ય જાહેર શિક્ષણ માટે પાત્રતા ધરાવે છે. કોઇ બાળક કેટલાક સંજોગો હેઠળ, શાળામાં પરત જવાને અને જે શાળા વર્ષ ઉંમર 22 વર્ષ થાય ત્યાં સુધી સેવાઓ મેળવવાને સમર્થ બને છે. જો તમારું બાળક ગ્રેજ્યુએટ થયા પછી પરત થવા ઇચ્છે તો, ARD સમિતિએ જરૂરી શૈક્ષણિક સેવાઓ અચૂક નિર્ધારિત કરવી રહી.

## શિસ્તપાલન

અશક્તતા ધરાવતા બાળક વિરુદ્ધ શિસ્તપાલન સંબંધિત કાર્યવાહીઓ કરવા ખાસ નિયમો લાગુ પડે છે. સામાન્ય રીતે, અશક્તતા ધરાવતા બાળકને સતત 10 શાળા દિવસથી વધારે સમય માટે હાલની શૈક્ષણિક નિયુક્તિમાંથી કાઢી શકાતો નથી જો ગેરવર્તણૂક તેમની કે તેણીની અશક્તતાને સંબંધિત છે. વધુમાં, અશક્તતા ધરાવતા વિદ્યાર્થીના સંબંધમાં ઉદભવતી ચોક્કસ શિસ્તપાલન પરિસ્થિતિઓ ARD સમિતિની બેઠક યોજવાની જરૂરિયાત ઊભી કરે છે.

### ટૂંકા-ગાળા માટે કાઢી મૂકવો

શાળા અધિકારીઓ તમારા બાળકને પોતાની હાલની શૈક્ષણિક નિયુક્તિમાંથી કાઢી મૂકી શકે જો તમારું બાળક વિદ્યાર્થી આચારસંહિતાનું ઉલ્લંઘન કરે. આ કાઢી મૂકવાની બાબત યોગ્ય વચગાળાની વૈકલ્પિક શૈક્ષણિક ગોઠવણ (ઇન્ટરિમ ઓલ્ટરનેટિવ એજ્યુકેશનલ સેટિંગ - **IAES**), બીજી કોઇ ગોઠવણ, કે સતત 10 થી ઓછાં શાળા દિવસ માટે મોકૂફી બની શકે છે (શિસ્તપાલનનું પગલું અશક્તતા વગરના બાળકોને લાગુ થાય તેટલા પ્રમાણ સુધી); અને, ગેરવર્તણૂકની અલગ ઘટનાઓ માટે તે જ શાળા વર્ષમાં સતત 10 થી ઓછાં શાળા દિવસ માટે વધારાની મોકૂફીઓ માટે (આ કાઢી મૂકવાની બાબત નિયુક્તિમાં ફેરફાર ન ઊભો કરે ત્યાં સુધી). આને ઘણી વાર *10-દિવસનો નિયમ* કહેવામાં આવે છે.

સતત 10 કે ઓછાં શાળા દિવસો માટે શિસ્તપાલન સંબંધિત કાઢી મૂકવાની બાબતોથી ARD સમિતિની બેઠક યોજવાની જરૂરિયાત ઊભી થતી નથી, સિવાય કે દૂર કરવાની બાબત નિયુક્તિમાં ફેરફાર ઘડતી હોય. સ્કૂલ ડિસ્ટ્રિક્ટ અશક્તતા ધરાવતા બાળકને અથવા અશકતતા વિનાના બાળકને કે જેને તેમના કે તેણીના વર્તમાન નિયુક્તિ પરથી 10 શાળા દિવસો માટે અથવા ઓછા સમય માટે તે શાળા [વર્ષ]માંથી દૂર કરવામાં આવ્યા હોય તેને સેવાઓ પૂરી પાડતી નથી.

### સંચિત રુખસદ (કાઢી મૂકવાની બાબત) જેનો સરવાળો 10 કે વધારે દિવસનો થાય

શાળા અધિકારીઓ ગેરવર્તણૂકની અલગ ઘટનાઓ માટે સરખા શાળા વર્ષમાં વધારાની ટૂંકા-ગાળાની રુખસદનો હુકમ કરે તેવું બની શકે, જો આ રૂખસદ નિયુક્તિનો ફેરફાર ના બનાવે. તમારા બાળકને સરખા શાળા વર્ષમાં સતત 10 શાળા દિવસ માટે કાઢી મૂકવામાં આવે ત્યાર પછી, જો હાલની રૂખસદ સતત 10 શાળા દિવસથી વધારે ના હોય અને નિયુક્તિનો ફેરફાર ના હોય તો, શાળાએ સેવાઓ અચૂક પૂરી પાડવી રહી જેથી કરીને તમારા બાળકને સામાન્ય શિક્ષણ અભ્યાસક્રમમાં સહભાગી થવાનું ચાલુ રાખવા સમર્થ બનાવાય, જોકે બીજી એક ગોઠવણમાં, અને તમારા બાળકની IEP માં નિર્ધારિત લક્ષ્યો સંતોષવામાં પ્રગતિ કરવા તરફ. શાળા કર્મચારીઓએ કઇ સેવાઓની જરૂર છે તે નક્કી કરવા તમારા બાળકના ઓછામાં ઓછાં એક શિક્ષક સાથે સલાહ-મસલત કરવી જરૂરી છે. એ નોંધ લેશો કે 34 CFR §300.530(d)(5) પર IDEA માટે જરૂરી છે કે ARD સમિતિ ઉચિત સેવાઓ નિર્ધારિત કરે જો રૂખસદ એ નિયુક્તિમાં ફેરફાર હોય.

### નિયુક્તિમાં ફેરફાર

અશક્તતા ધરાવતા બાળકને હાલની શૈક્ષણિક નિયુક્તિમાંથી કાઢી મૂકવો એ *નિયુક્તિમાં ફેરફાર* છે જો રૂખસદ સતત 10 શાળા દિવસ માટે હોય અથવા બાળકને શ્રેણીબદ્ધ રૂખસદો રહી હોય જે એક ઢબ બનાવે. રૂખસદોની ઢબ ત્યારે બને છે

જ્યારે:

- રૂખસદોનો સરવાળો શાળા વર્ષમાં 10 શાળા દિવસ કરતા વધારે હોય;
- બાળકની વર્તણૂક ભૂતપૂર્વ ઘટનાઓમાં વિશાળ પાયે બાળકની વર્તણૂક જેવી સરખી હોય છે જેનું પરિણામ શ્રેણીબદ્ધ રૂખસદોનું આવે; અને
- રુખસદોની લંબાઇ, બાળકને કાઢી મૂકવામાં આવ્યો હોય તે સમયની કુલ માત્રા, અને એકબીજા સાથે રૂખસદોની નિકટતા જેવા અન્ય પરિબળો.

શાળા દરેક કેસના આધારે એ નિર્ધારિત કરશે કે રૂખસદોની ઢબ નિયુક્તિના ફેરફારની માત્રા બને છે કે કેમ. તમે ભવિષ્યમાં શાળાના નિર્ણયને પડકારો તેમ બની શકે છે કે શું રૂખસદની ઢબ પ્રક્રિયા સુનાવણી કે ન્યાયાલયની કાર્યવાહી મારફતે ઉદ્ભવી છે. .

જો શાળા રૂખસદની દરખાસ્ત મૂકે જેનાથી નિયુક્તિનો ફેરફાર બને તો, શાળા અધિકારીઓએ તમને તે નિર્ણયની જાણ કરવી રહી અને *નોટિસ ઓફ પ્રોસીજરલ સેફગાર્ડ્સ (કાર્યપદ્ધતિલક્ષી અગમચેતી જણાવતી સૂચના)*ની નકલ અચૂક પૂરી પાડવી રહી. આ અચૂકપણે એ તારીખે કરવું રહ્યું જ્યારે બાળકની નિયુક્તિમાં ફેરફાર કરવા નિર્ણય લેવામાં આવે. વધુમાં, શાળાએ ARD સમિતિની બેઠક અચૂક યોજવી રહી જેને અભિવ્યક્તિ નિર્ધારણ કહેવામાં આવે છે. અભિવ્યક્તિ નક્કી કરતી બેઠક બાળકની નિયુક્તિને બદલવાનો નિર્ણય લેવાની તારીખના 10 શાળા દિવસની અંદર હોવી આવશ્યક છે.

## અભિવ્યક્તિ નિર્ધારણ

*અભિવ્યક્તિ નિર્ધારણ* કરતી વખતે, ARD સમિતિએ IEP, શિક્ષકના કોઇ નિરીક્ષણો, અને તમે પૂરી પાડેલી કોઇ સંબંધિત માહિતી સહિત, તમારા બાળકની ફાઇલમાં તમામ સંબંધિત માહિતીની સમીક્ષા અચૂક કરવી રહી જે નીચેની બાબત નિર્ધારિત કરે:

- જો પ્રશ્નાર્થ વર્તણૂક પાછળનું કારણ તમારા બાળકની અશક્તતા કે તેની સાથે સીધો અને નોંધપાત્ર સંબંધ રહ્યો હોય; અથવા
- જો પ્રશ્નાર્થ વર્તણૂક IEP નું અમલીકરણ કરવામાં શાળાની નિષ્ફળતાનું સીધું પરિણામ આવ્યું હોય.

જો ARD સમિતિ નિર્ધારિત કરે કે આમાંની કોઇપણ પરિસ્થિતિઓ ઊભી થઇ છે તો, પછી વર્તણૂક એ બાળકની અશક્તતાની અભિવ્યક્તિ છે. જો ARD સમિતિ નિર્ધારિત કરે કે કોઇપણ પરિસ્થિતિ ઊભી થઇ નથી તો, પછી વર્તણૂક એ બાળકની અશક્તતાની અભિવ્યક્તિ નથી.

## વર્તણૂક અભિવ્યક્તિ બને ત્યારે

જો વર્તણૂક તમારા બાળકની અશક્તતાની અભિવ્યક્તિ હોય તો, ARD સમિતિએ અચૂક કાં તો:

- કાર્યાત્મક વર્તણૂકલક્ષી મૂલ્યાંકન (ફંક્શનલ બિહેવિયરલ એસેસમેન્ટ - **FBA**) કરવું રહ્યું, સિવાય કે શાળાએ એ વર્તણૂક પહેલાં FBA કર્યું હોય જેનું પરિણામ થયેલી નિયુક્તિના ફેરફારનું આવ્યું હોય, અને BIP નું અમલીકરણ કરવું; અથવા તો
- જો BIP અગાઉથી કર્યું હોય તો, BIP ની સમીક્ષા કરીને વર્તણૂકને સંબોધવા તેને જરૂરિયાત મુજબ સુધારવું.

વધુમાં, ARD સમિતિએ તમારા બાળકને કાઢી મૂકવામાં આવ્યું હોય તે નિયુક્તિને અચૂક પરત કરવું રહ્યું સિવાય કે:

- તમારા બાળકની BIP નાં સુધારા તરીકે તમે અને શાળા નિયુક્તિના ફેરફાર માટે સંમત થાવ; અથવા
- તમારા બાળકના વિદ્યાર્થી આચારસંહિતાના ઉલ્લંઘનમાં નીચે વર્ણવેલા ખાસ સંજોગોમાંનો એક સંજોગ સામેલ થાય.

જો ARD સમિતિ નિષ્કર્ષ કાઢે કે તમારા બાળકની વર્તણૂક શાળાની IEP અમલ કરવાની નિષ્ફળતાથી કારણભૂત થઇ હતી તો, શાળાએ કચાશનો ઉપાય કરવા તાત્કાલિક પગલાઓ અચૂક લેવા રહ્યા.

## જ્યારે વર્તણૂક અભિવ્યક્ત ના હોય

જો વર્તણૂક તમારા બાળકની અશક્તતાની અભિવ્યક્તિ ન હતી તો, શાળા કર્મચારીઓ અન્ય બાળકોની જેમ સરખી રીતે તમારા બાળકને શિસ્તપાલન કરાવી શકે, સિવાય કે યોગ્ય શૈક્ષણિક સેવાઓ અચૂક ચાલુ રહેવી રહી. બાળકની ARD સમિતિ IAES નિર્ધારિત કરશે જેમાં બાળકને બજવણી કરવામાં આવશે.

ખાસ સંજોગો

વર્તણૂક બાળકની અભિવ્યક્તિ હોય કે કેમ તેને ધ્યાનમાં લીધા વગર શાળા કર્મચારીઓ તમારા બાળકને IAES માં 45 શાળા દિવસ સુધી કાઢી મૂકી શકે જો જે કિસ્સાઓમાં તમારું બાળક:

- શાળામાં, શાળા ઇમારતોમાં, અથવા શાળાના કોઇ પ્રસંગમાં કોઇ હથિયાર લાવે અથવા હથિયારનો કબજો ધરાવે;
- શાળામાં, શાળા ઇમારતોમાં, અથવા શાળાના કોઇ પ્રસંગમાં જાણી જોઇને ગેરકાયદેસર નશીલી દવાઓનો કબજો ધરાવે કે ઉપયોગ કરે અથવા નિયંત્રિત પદાર્થ વેચે અથવા વેચવા ધારે; અથવા
- તમારા બાળકે શાળામાં, શાળા ઇમારતોમાં, અથવા શાળાના કોઇ પ્રસંગમાં બીજી વ્યક્તિને શારીરિક ઇજા પહોંચાડી હોય.

ARD સમિતિ IAES નિર્ધારિત કરશે જેમાં બાળકને બજવણી કરવામાં આવશે.

વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે હજુ સુધી પાત્ર નિર્ધારિત ના થયા હોય તેવા બાળકો માટે સંરક્ષણ

જો તમારું બાળક ખાસ શૈક્ષણિક અને સંબંધિત સેવાઓ માટે પાત્ર ના નિર્ધારિત થાય પરંતુ એવી વર્તણૂકમાં પ્રવૃત્ત થાય જેનાથી વિદ્યાર્થી આચારસંહિતાનું ઉલ્લંઘન થાય તો, તમારું બાળક IDEA માં કાર્યપદ્ધતિલક્ષી સંરક્ષણને પાત્ર બને છે જો શાળાની જાણમાં આવે કે તમારા બાળકને વર્તણૂક થતા પહેલાં અશક્તતા હતી. આ વિષયને લગતી માહિતી આમાં જોઇ શકાય છે, *નોટિસ ઓફ પ્રોસીજરલ સેફગાર્ડ્સ (કાર્યપદ્ધતિલક્ષી અગમચેતી જણાવતી સૂચના)*.

## બાકી પ્રક્રિયાની જલદી સુનાવણી

જો તમે IAES કે અભિવ્યક્તિ નિર્ધારણમાં નિયુક્તિ સંબંધમાં નિર્ણય સાથે અસંમત હો તો, તમે બાકી પ્રક્રિયાની જલદી સુનાવણીની માગ કરી શકો. શાળા બાકી પ્રક્રિયા સુનાવણીની વિનંતી પણ કરી શકે જો ARD સમિતિએ બાળકની વર્તણૂક પોતાની અશક્તતાની અભિવ્યક્તિ હોવાનું નિર્ધારિત કર્યા પછી જો શાળા તમારા બાળકનું શાળામાં પરત આવવાનું પડકારવા ઇચ્છે.

## વિવાદ ઉકેલ

સમયાંતરે, અશક્તતા ધરાવતા તમારા બાળકને FAPE ની ઓળખ, મૂલ્યાંકન, શૈક્ષણિક નિયુક્તિ, કે જોગવાઇના સંબંધમાં વિવાદો ઊભા થઇ શકે. જો અસંમતિઓ ઊભી થાય તો, તફાવતો થવાની સાથે તેને ઉકેલવા તમને શાળા કર્મચારીઓ સાથે કામ કરવા મજબૂતાઇથી પ્રોત્સાહિત કરવામાં આવે છે. શાળા દ્વારા માતા-પિતાને અપાતા વિવાદ ઉકેલ વિકલ્પો માટે તમે શાળાને પૂછી શકો. TEA ખાસ શૈક્ષણિક અસંમતિઓ ઉકેલવા માટે ચાર ઔપચારિક વિકલ્પો આપે છે: રાજ્યની IEP સરળીકરણ, મધ્યસ્થી સેવાઓ, ખાસ શૈક્ષણિક ફરિયાદ ઉકેલ પ્રક્રિયા, અને બાકી પ્રક્રિયા સુનાવણી કાર્યક્રમ.

TEA નાં વિવાદ ઉકેલ વિકલ્પોને લગતી માહિતી *નોટિસ ઓફ પ્રોસીજરલ સેફગાર્ડ્સ (કાર્યપદ્ધતિલક્ષી અગમચેતી જણાવતી સૂચના)* માં જોઇ શકાય છે. વધારાની માહિતી TEA ની વેબસાઇટ અને નીચેની URL પર જોઇ શકાય છે: https://tea.texas.gov/Academics/Special_Student_Populations/Special_Education/Dispute_Resolution/Special_Education_Dispute_Resolution_Processes/.

## વધારાની સહાયતા

આ દસ્તાવેજમાં જોવા મળતા એક્રોનીમ્સ (આદ્યાક્ષરોથી બનેલા શબ્દોની) સંપૂર્ણ યાદી માટે વેબસાઇટ જુઓ, http://fw.escapps.net/display/Webforms/ESC-FW-Glossary.aspx?DT=G&LID=en. આ દસ્તાવેજની નકલો 15 ઉપરાંત ભાષાઓમાં SPEDTex વેબસાઇટ https://www.spedtex.org/index.cfm/parent-resources/parents-guide-to-the-ard-process/ પર પણ ઉપલબ્ધ છે. તમે નકલની વિનંતી સ્કૂલ કાઉન્સેલર કે સ્કૂલના ખાસ શિક્ષણ વિભાગને પણ કરી શકો.